# સહજ-સત્સંગ

અંક : ૨૪૬ વર્ષ : ૨૧ કાર્યકારી તંત્રી : માનસિંહભાઈ ચાવડા જુન : ૨૦૦૯



જીવનનાટ્ય

**નાટ્ય કલા નટરાજની, યોગ સાધન પણ બને,**
**જો જીવન મહાનાટક ગણી, સ્વ પાત્ર સરસ ભજવે.**



**શ્રી માતાજી**

મીરાંબા ધરતી તળે, આવ્યા એ છે વાત,
ઉત્ક્રાંતિએ હરણફાળ ભરી, બને પુરાવો સાક્ષાત્.

# પ્રાર્થના અને ધ્યાન

(૧૫-૫-૧૯૧૪)

મને થએલી અનુભૂતિને હું આકાર આપવાનો પ્રયત્ન કરતી હતી. ત્યાં ગઈ કાલે એમાં અંતરાય આવી ગયો..... જે ક્ષણે મારુ આખુંએ સ્વરૂપ તારી હાજરીનું પ્રતિબિંબ પાડી રહેલા એક નર્યા સ્ફટિક જેવું બની રહ્યું હતું તે જ ક્ષણે કોઈક આવ્યું અને એ એકાગ્રતામાં ભંગ થયો..... મને મારા ભાગ્યરૂપે તું જે અસ્તિત્વ આપી રહ્યો છે તેનું પ્રતીક તે આ પ્રમાણેનું જ છે.... એમાં બાહ્ય રીતની ઉપયોગિતા, સર્વ લોકોને માટેનું કાર્ય, એ વસ્તુઓને પહેલું સ્થાન છે..... ‘‘અદ્વૈતનો સાક્ષાત્કાર તું પેલી પરમ એકાગ્રતાદ્વારા કરશે નહિ, એ સાક્ષાત્કાર તો સર્વની અંદર વહેંચાઈ જઈને તને મળી આવશે... આ અદ્વૈતના આનંદમય ચિંતનમાં તું રમમાણ રહીશ નહિ. મેં તને પૃથ્વિ ઉપર જે કાર્ય સોંપેલું છે તે સિદ્ધ કરી લે.’’

આ સામૂહિક કાર્યની સાથે સાથે જ જે વ્યક્તિગત રીતનું કાર્ય કરતા રહેવાનું છે તે આ છે. એમાં સ્વરૂપની સર્વ પ્રવૃત્તિઓને તથા સર્વ પ્રદેશોને વિશે સભાન બનવાનું છે અને તેને..... પેલા ઊંચામાં ઊંચા બિંદુ ઊપર સ્થાપિત કરી દેવાની છે. ત્યાંથી.... સોંપાએલું કાર્ય અને તારી સાથેનો સતત વ્યવહાર એકી સાથે થતો રહે એમ કરવાનું છે.

આપણે સૌ કોઈને ઉપદેશ તો એ આપવાનો છે કે પ્રથમ અદ્વૈતની પ્રાપ્તિ અને પછી કાર્ય; પરંતુ જે લોકોને અદ્વૈત મળી ચૂક્યું છે તેમણે તો પોતાના જીવનની પ્રત્યેક ક્ષણ પોતાના દ્વારા તારી ઈચ્છાની પૂર્ણ અભિવ્યક્તિરૂપ બની રહે એમ કરવાનું છે.

મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ સંચાલિત,
મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિંદ અને શ્રી માતાજીના
યોગ દર્શનની સાદી સરળ ભાષામાં સમજણ
આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

# સહજ-સત્સંગ

અંક : ૨૪૬ વર્ષ : ૨૧

જૂન - ૨૦૦૯

સંસ્થાપક અને આદ્યતંત્રી
**સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

કાર્યકારી તંત્રી -
**માનસિંહભાઈ ચાવડા**
૭, સાનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક,
ઈન્કમટેક્સ ઑફિસ પાછળ,
રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

ટ્રસ્ટી મંડળ :
**ભારતીબેન ત્રિવેદી**
**હર્ષદભાઈ ઠકરાર**
**લલિતભાઈ ઉપાધ્યાય**
**કમલેશભાઈ માંડવિયા**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

સંપર્ક માટે :
**શ્રી હર્ષદભાઈ ઠકરાર**
મોબાઈલ : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ
**લા ક્રિએટા**
ફોન : ૨૪૬૫૦૭૮ - રાજકોટ

: Editor :
**"Sahaj Satsang"**
"Arpan", 259, Vrindavan Society,
Kalawad Road, Rajkot - 360 005

Reg.No. - GRJ-303 / Dec. - 2011
The Registrar of Newspapers for India
Reg.No. - 07598/22 A.K.GTC

મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન)
80 G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.



લવાજમ
**વાર્ષિક માતૃચરણે અર્પણ**
ભારતમાં વાર્ષિક રૂા. ૧૦૦/-
પરદેશમાં વાર્ષિક રૂા. ૮૦૦/-

કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ.
એકાઉન્ટ પેયી ચેક/ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી
**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ-'રાજકોટ ના નામે મોકલશો.**
આપનું નામ, સરનામું, જુનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.

**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદના લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)**

# પ્રાર્થના અને ધ્યાન

(૧૬-૫-૧૯૧૪)

માતાજીને પરમ-પ્રભુનો એક સ્ફટીક જેવી હિકર-પ્રકાશની અસીમ ચેતના સ્વરૂપે સાક્ષાત્કાર થઈ રહ્યો છે અને તેઓ તે અસીમતામાં પોતાના વ્યક્તિસ્વરૂપને તદ્દન ઓગાળી નાખવા માટે એકાગ્રતા સાધી તેની સાથે એકરૂપ થવા પ્રયત્ન કરી રહ્યાં છે. ત્યારે જ જાણે પરમ-પ્રભુએ તેમની આ સાધના-પદ્ધતિને જાણે નવી દિશા આપવા માટે દબાણ લાવ્યું માતાજીને પ્રથમ આ પોતાની એકાગ્રતાના ભંગરૂપ લાગ્યું.

માતાજીને હવે પ્રભુની ખલેલનો અર્થ સમજાયો. પરમ અસીમ ચેતનાની એકરૂપતામાં તલ્લીન થઈને આનંદમગ્ન ધ્યાન અવસ્થામાં સ્થિર થઈ જવુ એ માટે માતાજીનો જન્મ નહોતો. તેમણે તો તે અદ્વૈત પ્રાપ્ત કરીને પ્રભુના સંકલ્પના એક પરમ-શુદ્ધ માધ્યમ અને નિમિત્ત બની પ્રભુનું આગામી આયોજનની તૈયારી કરવાની હતી. પ્રભુના દિવ્યકાર્યમાં સહભાગી બનવાનું હતું. તેથી માતાજીને તેમના અંતરાત્માએ સૂચના આપી કે અદ્વૈતનો આનંદ નહિ પણ પ્રભુના કાર્યમાં જાડાઈ જાવ.

આ નિયત કાર્યનાં સ્વરૂપનું માતાજી વર્ણન કરી રહ્યાં છે. ભાવિ-ઉત્ક્રાંતિ માટે લોકોને તૈયાર કરવા એ જ તેમનું નિયત કાર્ય હતું. (બોટની અનુભૂતિએ પણ આજ વસ્તુ માતાજીને સમજાવી) માનવ-વંશને જ સમગ્ર રીતે ભાવિ-ઉત્ક્રાંતિની સમજણ આપવી. તેમને કેળવવા હવે માતાજી માટે મહત્વનું બની ગયું. તે માટે માતાજીને પોતાની ચેતનાને અસીમ કરીને તેમાં સર્વ લોકોને સમાવિષ્ટ કરીને તેમની સાથે એકરૂપ થઈ, તેમના ચૈત્યપુરૂષને ઢંઢોળીને જાગૃત કરવાનું શરૂ કર્યું. માતાજી આ કાર્યને 'સર્વ લોકો માટેનું કાર્ય, '' સામૂહિક-કાર્ય'' સર્વની અંદર વહેંચાઈ જઈને કરવાનો સાક્ષાત્કાર વગેરે શબ્દોથી વર્ણવે છે.

પણ માતાજી જણાવે છે કે આ ઉપરોક્ત સામૂહિક કાર્ય વખતે વ્યક્ગિત કાર્ય કે સાધના તો શરૂ રાખવાની જ છે અને તેનું સ્વરૂપ છે પોતાના વ્યક્તિ-સ્વરૂપનાં બધા પ્રદેશો (તત્વો) અને તેમની પ્રવૃત્તિઓ વિષે સભાન બનવું, તેમને પેલી હિરક-પ્રકાશ સ્વરૂપ અસીમ ચેતનાનાં વાહક અને ધારક બનાવવાનાં. આમ કરવાથી તે પરમ-ચેતના વ્યક્તિગત ચેતના સાથે સંપર્ક સાધી પોતાનું આયોજન

પાર પાડે છે. આમ પ્રભુની અભિવ્યક્તિ રૂપજ બની રહેવું એ જ જીવનની સાર્થકતા છે.

ગીતામાં શ્રીકૃષ્ણે આ જ ઊપદેશ અર્જુનને આપેલો જ્ઞાનયોગમાં ફક્ત પ્રભુની ચેતના સાથે એકરૂપ થવાય છે. તેના કરતા કર્મયોગમાં એકરૂપતા સાધ્યા બાદ પ્રભુના દિવ્ય-કર્મનાં નિમિત્ત પણ બની રહેવાનું હોય છે. આને જ યોગનિષ્ઠા કહેવામાં આવે છે. તેવી યોગનિષ્ઠા જ શ્રેષ્ઠ છે.

## સાધકની એક અનુભૂતિ

''હું નિઃશેષ સમર્પણ સુધી જઈશ, મા -''

''અહિં બધું જ મારાં માટે સ્પષ્ટ છે. ખૂબ જ સ્પષ્ટ છે. બધું પ્રકાશમય છે. જીવનમાં બધું સ્પષ્ટ છે.

મા, તારા વગર મારો આવિર્ભાવ નથી, મારો જન્મ નથી, મારો આવિષ્કાર નથી. તારાથી જ બધું - બધું જ છે. મારું કહેવા જેવું કંઈ જ નથી.

મા, તારી ઈચ્છા પ્રમાણે બધું થાય. આ જ એક માત્ર રહી છે અભીપ્સા. તારી જ ઈચ્છા, - ઈચ્છા... તારી માત્ર. સંપૂર્ણ તારી ઈચ્છા પ્રમાણે મારાં જીવનમાં બની રહો.

મા, તારા વિચારો, તારી ચેતના, તારું જીવન એ સમગ્રમાં હું વિંટળાઈ વળું. એકરૂપ થઈ જઈ તારાં થકી હું કરું, તારાં વગર કંઈ જ નહિ. બધું જ તારું. સમગ્ર તારું.

અહિં જે કંઈ છે તે તારું છે. અહિં જે કંઈ છે તે બધું દિવ્ય છે. તે બધું દિવ્ય છે. આ ઓરડો દિવ્ય છે. પ્રકાશિત છે. તારા પ્રકાશ વડે અહિં બધું જ દિવ્ય છે.

મા, હું એવુ જીવન બનાવીશ જેથી કરીને તને અહિં આવવું ગમશે. ખરેખર, તને અહિં અવતરવું ગમશે. તારું આવવું તે જ બની રહો. મારું એક માત્ર લક્ષ્ય. બધું બહુ સ્પષ્ટ દેખાય છે, મા.

મા, હું એ ચોક્કસપણે માનું છું કે અનંતે મને પસંદ કરેલો છે. હું અનંતને માટે છું.

# ધીરજ અને ખંત

- જ્યોતિબેન થાનકી

આપણે ભગવાનને રોજ રોજ પ્રાર્થના કરીએ છીએ. તીવ્ર ભાવે પોકારતા હોઈએ છીએ. તેમનું ધ્યાન પણ ધરીએ છીએ. છતાં આપણને તેમની હાજરીની અનુભૂતિ થતી નથી. આથી આપણે નિરાશ થઈ જઈએ છીએ અને એવું માનવા લાગીએ છીએ કે આપણે યોગ કરવા માટે લાયક નથી. પરંતુ કંઈ રાતોરાત ચમત્કારની જેમ ભગવાનનો સાક્ષાત્કાર થઈ જતો નથી અને એવી રીતે કોઈને થાય તો પણ તેની પાછળ જન્મોની સાધના હોય છે. આથી સાધના પથમાં પૂરી ધીરજ હોવી જરૂરી છે. સામાન્ય જીવનમાં પણ કોઈ ભૌતિક વસ્તુઓ મેળવવા માટે પણ ધીરજ રાખવી પડે છે. પ્રતીક્ષા કરવી પડે છે. એ મેળવવા પ્રયત્ન કરવો પડે છે. તો આ તો દિવ્ય વસ્તુઓ છે એની પ્રાપ્તિ માટે ધીરજ અને વારંવારના પ્રયત્નો જરૂરી છે.

**પાત્રની તૈયારી :**

ભગવાનનો સાક્ષાત્કાર કરવા માટે જાતને તૈયાર કરવી પડે છે. વરસોની એકધારી સાધના પછી જ્યારે આધાર પૂરેપૂરો તૈયાર થઈ જાય પછી જ સાક્ષાત્કાર થાય છે અને દિવ્યરૂપાંતર એ તો સાક્ષાત્કાર પછીની પ્રક્રિયા છે. શ્રી માતાજી આ વિષે ઉદાહરણ આપીને સમજાવે છે કે ''માણસે ખેતરને સાફસૂફ કર્યું હોય, પછી ખેડ્યું હોય અને પછી વાવણી કરી હોય તો જ ફળ માટે પાકની આશા રાખી શકે.'' આજ રીતે સાધનામાં પણ માણસે પૂરી આંતરિક તૈયારી કરીને જાતને સજ્જ કરવી પડે છે. તેઓ કહે છે કે ''તાત્કાલિક ફળ માટે આગ્રહ રાખવો જોઈએ નહીં.'' શ્રી અરવિંદે પણ સાધકને એક પત્રમાં આ વિષે જણાવ્યું હતું કે, ''તમે ભગવાનને મુક્ત રીતે કામ કરવા માટે થોડી તક તો આપો. તેઓ તમારામાં પ્રકાશ માટેની તૈયારી કરે, તમારામાં થોડો પ્રકાશ મૂકે, ત્યારે તમે નિરાશાનો ઠંડોગાર ભીનો કામળો લઈને આવશો નહીં અને એ પ્રકાશ પર ફેંકશો નહીં. તમે કહેશો કે આ તો નાનકડી મીણબતી છે. એનો તે કેટલો પ્રકાશ ભલા ! પણ જો તમારે મનનો, પ્રાણનો અને શરીરનો અંધકાર દૂર કરવો હોય તો આ મીણબતી શરૂઆત જ છે મીણબતી પછી બત્તી આવી અને પછી ઝળહળતો

સૂર્ય. આથી શરૂઆતમાં ક્રમ પ્રમાણે જે આવે તેને સ્વીકારવા જોઈએ.'' આપણે તો થોડો સમય ધ્યાન કર્યા પછી એવો ઝળહળતો સૂર્ય જોવાની આશા રાખીએ તે કેમ બને ? અને કદાચ જો એવો ઝળહળતો સૂર્ય અંદર પ્રગટી ઊઠે અને આપણી તૈયારી પૂરી ન હોય તો આપણી સમતુલા તૂટી જાય છે. જ્ઞાનતંતુઓ ભાંગી જાય છે. આથી સાધનામાં તૈયારી પ્રમાણે ભગવાન દિવ્ય અનુભૂતિઓ અને સાક્ષાત્કારો આપતા રહે છે.

એક સાધકે શ્રી અરવિંદને પત્રમાં લખ્યું હતું કે સાડા પાંચ વરસથી સાધના કરું છું, પણ કંઈ પરિણામ આવતું નથી. ''શ્રી અરવિંદે તેને જણાવ્યું કે, તમે સાડા પાંચ વરસ કહો છો, જાણે તે લક્ષ્યને પહોંચવા માટે પ્રચંડ લાંબો સમય લાગ્યો હોય.'' પરંતુ જો કોઈ એવો યોગી હોય કે એટલા સમયમાં એની મૂળભૂત પ્રકૃતિમાં પરિવર્તન કરી શક્યો હોય તો તેને વિરલ કૂદકા મારતો યોગી કહી શકાય.'' બીજા એક પત્રમાં તેમણે જણાવ્યું હતું કે ''રૂપાંતર માટે આઠ વર્ષ એ તો ઘણો ઓછો સમય ગણાય. ઘણાં માણસોને તો એટલો સમય અથવા તો એનાથી વધારે સમય પોતાની મર્યાદાઓ અને ખાતરીઓ વિષે સભાન બનવા માટે અને એને દૂર કરવા માટેનો ગણાય. ઘણાં માણસોને તો એટલો સમય અથવા તો એનાથી વધારે સમય પોતાની મર્યાદાઓ અને ખામીઓ વિષે સભાન બનવા માટે અને એને દૂર કરવા માટેનો ગંભીર સંકલ્પ કરવા માટે લાગે છે. ત્યાર પછી સંકલ્પને પૂર્ણ કરવા માટે અને છેવટની સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે તો ઘણો લાંબો સમય લાગે છે.'' આમ પાત્રની તૈયારીમાં વરસો ના વરસો લાગે છે. યોગ કદી ઉતાવળે થઈ શકે નહીં. શ્રી અરવિંદે એક સાધકને જણાવ્યું હતું કે દિવ્યતા એ કંઈ એવો મુકુટ નથી કે જેના તેના માથે પહેરાવી શકાય. એ માટેની પાત્રતા કેળવવી જોઈએ.

## અધીરાઈથી કશું પ્રાપ્ત થતું નથી :

મનુષ્યને કોઈ પણ ક્રિયાના તાત્કાલિક પરિણામ જોઈતા હોય છે. કદાચ ભૌતિક જગતમાં એ રીતે મેળવી શકાતા હોય, પણ આંતરિક જગતમાં કશું તત્કાળ મળી જતું નથી. તાત્કાલિક પરિણામ માટેની અધીરાઈ કે આતુરતા એ મનુષ્યની પ્રાણમય પ્રકૃતિનું લક્ષણ છે. મનુષ્યનો પ્રાણ ભારે ઉતાવળો અને અધીર હોય છે. તેને પરિણામ જાણવાની ખૂબજ ઉતાવળ હોય છે. ભગવાન પાસેથી પણ એ જલદી જલદી ફળ મેળવી લેવા આતુર હોય છે. શ્રી અરવિંદ કહે

છે; ''અધીરાઈ રાખવી એ ભૂલ છે. તે મદદરૂપ થવાને બદલે વિઘ્નરૂપ બને છે. સાધના માટેનો શ્રેષ્ઠ પાયો એક સ્થિર અને અવિચલ શ્રદ્ધા અને વિશ્વાસ છે. યોગિક સાક્ષાત્કાર એમ આવતો નથી, એ તો અંતિમ તબક્કે આવે છે.'' મનુષ્યે સમયનો કચવાટ કર્યા વગર તેની સામે જાણે અનંત સમય પડ્યો છે, એ રીતે પણ સતત પ્રયત્ન કરવો પડે છે. શ્રી માતાજી કહે છે : ''જ્યારે કોઈપણ પ્રકારની ખોટી ઉતાવળ ન હોય ત્યારે વ્યક્તિ ઘણી વધારે ઝડપથી આગળ જાય છે. ખરેખર આગળ વધવા માટે વ્યક્તિએ પૂર્ણ વિશ્વાસથી અનુભવવું જોઈએ કે તેની સમક્ષ શાશ્વતી પડેલી છે.''

**પૂર્ણયોગમાં ધીરજ અને ખંતની આવશ્યકતા :**

પૂર્ણયોગમાં માનવ પ્રકૃતિનું દિવ્ય પ્રકૃતિમાં રૂપાંતર કરવાનું છે. પ્રકૃતિના રૂપાંતરની ક્રિયા તાત્કાલિક થતી નથી. મનુષ્ય ભગવાનની શક્તિ પ્રત્યે ખુલ્લો થાય, પ્રકાશનો અનુભવ કરે એથી એ બદલાઈ જતો નથી. એની જુની પ્રકૃતિની ટેવો ચાલુ રહે છે. એને ઘણીવાર તો નિમ્ન પ્રકૃતિની વસ્તુઓ ફરી ફરીને આવતી રહે છે. આ સ્થિતિમાં મનુષ્યે નિરાશ થયા વગર પ્રયત્ન કર્યા જ કરવો પડે છે. આ વિષે માર્ગદર્શન આપતાં શ્રી માતાજી કહે છે કે તે વખતે તમારે નિશ્ચય કરવો જોઈએ કે લાખોવાર એ જ સમસ્યા ફરી ફરીને આવશે તો પણ હું તેનો ઉકેલ કરીને જ જંપીશ. હું તેના પર વિજય મેળવીશ. જો તમે આવી ખંત અને સહિષ્ણુતા નહીં કેળવો તો તમે યોગ નહીં કરી શકો..... જો જરૂર પડે તો તમારે એકની એક વસ્તુ હજાર વખત કરવાની તૈયારી રાખવી પડે એમ માનીને કદાચ હજારમી વખતે એનું પરિણામ પ્રાપ્ત થાય ખરું.''

પરંતુ સામાન્ય રીતે આપણને એકની એક વસ્તુ ફરી ફરીને કરવાનો ભારે કંટાળો આવે છે. એટલે આપણે પછી તે છોડી દઈએ છીએ. શ્રી અરવિંદ કહે છે કે, ''જે વ્યક્તિને કંટાળાની બીક હોય અને કંઈક નવીન વસ્તુ જોઈતી હોય તો તે યોગ કરી શકશે નહીં. ખાસ કરીને આ યોગ કેમકે એમાં તો અખૂટ ખંત અને ધીરજની જરૂર રહે છે.'' પૂર્ણયોગની સાધનામાં નિરાશ થયા વગર સાધકે પોતાનો પ્રયત્ન અવિરત ચાલુ જ રાખવો જોઈએ. જે આજે નથી બન્યું તે આવતીકાલે જરૂર બનશે. તેવી શ્રદ્ધા સાથે સાધકે પોતાની આંતરયાત્રા ચાલુ જ રાખવી જોઈએ. શ્રી માતાજી કહે છે કે, ''ગયા વરસમાં તમે જે સિદ્ધ નથી કરી

(અનુ. પાના નં.૧૦ ઉપર)

# સહજ સત્સંગ

(૧૨-૫-૨૯)

માતાજી, કેટલાક માણસો ભૂત જેવા જ સ્વભાવના હોય છે. તેઓ કોણ હોય છે ? અને તેવા શા માટે થાય છે ?

બેટા, અમુક લોકો દેખાવ ખાતર જ માનવો દેખાય છે. તેમનું શરીર જ માનવોનું હોય છે. તે ભૌતિક-જગતના પડોશી એવા પ્રાણમય જગતના સત્વો હોય છે. તેઓ કામનાઓ, આવેગો, આવેશોથી ભરપૂર હોય છે. તેઓમાં લોભ, લુચ્ચાઈ, દંભ, ક્રૂરતા વધારે પ્રમાણમાં દેખાય છે. વિવેકબુદ્ધિની અછત હોય છે. તેમનો ભૌતિક જગત ઉપર વિશેષ પ્રભાવ હોય છે. મૃત્યુ વખતે તીવ્ર કામનાઓવાળા આવા પ્રાણમય સત્વો બની જતાં હોય છે. પોતાની કામના સંતોષવા ઉપર મુજબના શરીરો ધારણ કરી સમાજમાં ફરતા હોય છે. આ લોકોના સંસર્ગમાં આવનારને તકલીફો થાય છે. પણ તે નિવારવી શક્ય પણ છે.

બીજા પ્રાણમય સત્વો આમના કરતાં વધારે ભયંકર હોય છે. તેઓ માનવી શરીર ધારણ કરતા નથી. કારણ તેથી તેમની ક્રૂર ક્ષમતાઓમાં મર્યાદા પડે છે. તેથી પ્રાણમય લોકમાં જ રહી દુબળા લોકો, અંધશ્રદ્ધાળુ લોકો ઉપર કબજો મેળવી લે છે તેની પદ્ધતિ ત્રણ તબક્કે વિકસે છે.

૧ કોઈ વ્યકિતને ધીમે ધીમે પોતાના પ્રભાવમાં લેવાની શરૂઆત. પોતે કોઈ દૈવી-સત્વ તરીકે પોતાનો પરિચય આપીને આવી શરૂઆત કરે છે.

૨ પછી તેના પ્રકાશવલયમાં પ્રવેશીને સતત પોતાના પ્રભાવનીચે રાખી તેને ગુલામ કરી નાખે છે.

૩ તેના ચૈત્યપુરૂષને હાંકી દઈને પૂરેપૂરો કાબુ મેળવે છે અને તેની પ્રાણ-શક્તિ ચૂસી તેની ઉપર જ નભે છે. ઝપટમાં આવેલી વ્યક્તિ માંદી પડી જાય છે. ક્રૂર બની જાય છે. ગાંડી બની જાય છે.

માતાજી, તો તેને દૂર કેવી રીતે કરવી ?

તેમનું પ્રભાવક્ષેત્ર ઘણું જ મર્યાદિત હોય છે. તેનાથી પ્રભાવિત મકાનમાં આપ રહેતા હો અથવા તેનાથી પ્રભાવિત વ્યક્તિના સંપર્કમાં કોઈ રીતે હો તો જ તે તમારી ઉપર પ્રભાવ પાડી શકે છે. સંપર્કનું સાધન, પત્રવ્યવહાર, ટેલીફોન ઉપર વાતચીત, દોસ્તી, બેચાર કલાકનો સહવાસ કાંઈ પણ હોઈ શકે છે.

આવા સ્થળ કે વ્યવહારનાં બધાં સંપર્કો કાપી નાખવા એ જ તત્કાલિક ઉપાય છે. તેમને સુધારવાના ભ્રમમાં જરાપણ રહેતા નહિ. તેઓ તે બાબતમાં તદ્દન પથ્થર - દિલ હોય છે.

આવી વ્યક્તિઓને પોતે માનવ નથી એવી સ્પષ્ટ લાગણી થયા કરતી હોય છે અથવા પોતે કોણ છે તે સ્પષ્ટ જાણતા પણ હોય છે.

તેઓમાં વશીકરણ શક્તિ ગજબની હોવાથી ખૂબજ ચેતીને ચાલવા જેવું છે જે વ્યક્તિ ઝપટમાં આવેલી હોય છે તેનો ચૈત્યપુરૂષ મૂર્છિત દશામાં હોવાથી આમની પાસેથી માનવતાની જરાપણ અપેક્ષા રાખતા નહિ.

માતાજી, આવા સત્વોને આધ્યાત્મિક - જીવન પ્રત્યે વિચિત્ર આકર્ષણ હોય છે તે સાચુ છે?

હા, તેમની પોતે માનવ નથી એ ભાવના તેમને આકર્ષણ જમાવે છે. બીજું પોતાની શક્તિઓ વિકસાવી વધારે સમર્થ થવામાં તેમને ખૂબજ રસ હોય છે. તેથી ગૂઢ - વિદ્યાઓનું તેમને ગજબનું આકર્ષણ હોય છે. પણ તેમને સાચી - અધ્યાત્મિકતાનો ખ્યાલ હોતો નથી. તેઓ સમર્થ પ્રાણમય ભૂમિકાને જ અધ્યાત્મ ગણે છે. સિદ્ધિઓની પાછળ પડેલાં હોય છે. તેમણે એક રીતે પ્રભુ વિરોધી બળવો કરેલો હોય છે. તેથી શત્રુની જેમ તેમનું તેમને આકર્ષણ હોય છે.

પણ તેથી તેમને સાચા સાધકોનો પરિચય મળતાં રૂપાંતરિત થવાની તક પણ મળે છે. જો તે રૂપાંતરિત ન થાય તો તે સાધકના પ્રભાવ નીચે તેઓ વિઘટીત થવા માંડે છે.

માતાજી, શું, તેમની ધન ઉપર સત્તા નથી હોતી?

હા, ધન - શક્તિ પ્રાણમય - શક્તિઓની જ પકડમાં વધારે છે. તેથી સાચા પ્રભુકાર્ય માટે ધન મેળવવું મુશ્કેલ જણાય છે. જ્યારે ભ્રામક ધાર્મિક પ્રવૃત્તિઓ માટે અઢળક ધન મળે છે. ત્રાસવાદ આંતકવાદ, ગૂઢ-પ્રાણમય પ્રવૃત્તિઓનો, ઝનૂની સાંપ્રદાયિકતાઓનો તેમાં સમાવેશ થાય છે. કારણ આ પ્રવૃત્તિઓમાં તે પ્રાણમય - શક્તિઓની અમુક કામનાઓ સંતોષાય છે. સત્તા અને સન્માન, તે પ્રાણમયશક્તિને વધારે પ્રિય છે. રાતનાં બિહામણાં સ્વપ્ના ખરેખર તમે રાત્રે તે પ્રદેશમાં પહોંચી ગયાની નિશાની છે. તમે પ્રાણમય જગતની જીવન - રીતિ વિશેઅજાણ હોવાથી નિર્બળ પુરવાર થાઓ છો. પ્રાણમય સત્વો તમને ડરાવીને પ્રભાવ નીચે લેવા પ્રયત્નો કરે છે. તમારી પ્રાણશક્તિ શોષી લેવી અથવા તમારાં પ્રભામંડળમાં પ્રવેશીને તમારી ઉપર નિયંત્રણ કરવું એ જ તેમનો ઉદ્દેશ્ય હોય છે.

તમે સ્થૂળ શરીરની બહાર હોવાથી તમારું સ્થૂળ-રક્ષણ હઠી ગએલું હોય છે.

સ્થૂળ શરીરમાં જ સુરક્ષિતતા છે કારણ શરીર અસંવેદનશીલ હોવાથી, જડ હોવાથી તે ક્રૂર સત્વો તમારી અંદર તમારી મરજી વગર પ્રવેશી શકતા નથી. તેઓ વાયુની જેમ ગતિ કરતા હોય છે.

સંપૂર્ણ સમતા, શાંતિ, પ્રભુ પ્રત્યે સમર્પણ અને ગૂઢ વિદ્યાઓનું જ્ઞાન જ તમને સાચું સંરક્ષણ આપે છે.

માતાજી, જો પ્રાણમય - શક્તિઓ પ્રવાહી હોય તો તેમનું સ્થાયી સ્વરૂપ કેવી રીતે ટકી રહે છે?

બેટા, વ્યક્તિતા એટલે જડતા, કઠોરતા, ઘનીભૂતતા નહિ. પથ્થર કઠોર અને ઘનીભૂત હોવા છતાં તેને વ્યક્તિત્વ નથી. પ્રાણમય-વ્યક્તિ્વ એક વમળ જેવું હોય છે. સત્વમાંના વિકારોનો ઉછાળો તેના સમગ્ર સ્વરૂપને બદલી નાખે છે. તેમનો પરવશ કરનારો પ્રભાવ જ તમને તેમાંની ઓળખાણ આપશે. તેમના વિકારો એટલે તેમનાં સ્વરૂપમાં થએલાં વિસ્ફોટો અથવા ઝંઝાવાત જેવા હોય છે. તેમના ફક્ત હાવભાવ અને મુદ્રા જ નહિ, સ્વરૂપ પણ તે ઉદ્રેકને અનુસરી વિકૃત અને ભયંકર બની જાય છે.

---

(પાના નં.૭ ઉપરથી)

## ધીરજ અને ખંત

શક્યા તે તમે આ વરસે સિદ્ધ કરી શકશો. તમે જે આજે નથી કરી શકતા તે આવતી કાલે કરી શકશો. ખંત રાખો, તમે વિજય પ્રાપ્ત કરી શકશો.''

શ્રી અરવિંદ પણ આપણને ખાતરી આપે છે કે ''સાધક પોતાના લક્ષ્ય પ્રત્યે અડગ હોય તો પરમાત્માના માર્ગમાં છેવટે કદી નિષ્ફળતા નથી.'' આથી પ્રારંભમાં નિષ્ફળતા જણાય તો પોતે યોગ માટે યોગ્ય નથી, એમ માનીને સાધના ક્યારેય છોડી દેવી નહીં. શ્રી માતાજી કહે છે; ''તમારે ખૂબ ધીરજ ધારણ કરવી જોઈએ. તમને સાધના કરતાં ખૂબ સમય લાગે છે. તેથી તમારે નિરાશ થવું ન જોઈએ. જો માણસ યોગમાં જરૂરી સમય ગાળે, હિમ્મત રાખે, સહિષ્ણુતા અને ખંત રાખે તો દરેક જણ યોગ કરી શકે છે. કદી હિમ્મત ન ગુમાવો. નિરાશ ન બનો. એની એ જ વસ્તુ દસવાર, વીસવાર, સો વાર કરવા માટે તૈયારી રાખો. વાસ્તવિક રીતે સિદ્ધ ન થાય ત્યાં સુધી મંડ્યા જ રહો.''

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના જુનનાં ૨૦૦૯ના ઈ-મેગેઝીનમાંથી સાભાર)

શહેરમાં પંખી - જગતનું નિરિક્ષણ કરતાં જણાશે કે શહેરમાં કાગડાઓ જ્યાં ત્યાં દેખાય છે. માનવો માટે તેમને મિત્રભાવ નથી. આકાશમાં, છાપરા ઉપર, વૃક્ષોની ડાળી ઉપર કે રસ્તાના પદ-પથ ઉપર તેમનાં ટોળાઓની દાદાગીરી દેખાશે. અન્ય પક્ષીઓને જાણે આ માથાભારે પક્ષીઓએ શહેરમાંથી હાંકી કાઢ્યા ન હોય એવું જ લાગે છે. વિશેષતઃ નાજુક નમણાં ગરીબડાં પક્ષીઓને ! કાગડાઓની સંખ્યામાં વધારાને કારણે આ થએલ નથી પણ શહેરમાંની વધતી જતી ગંદકીને કારણે આ થવા પામ્યું છે. લોકોને આ વાતની ખબર જ નથી અથવા તેમણે તે જાણીને પણ એક અપરિહાર્ય ઘટના તરીકે સ્વીકારી લીધી છે.

આપણા આંતરિક જીવનમાં પણ આવું જ બને છે. થોડીક ગાફેલીયત અને પરિણામે દેખાશે, હૃદયમાં ભરાતી ગંદકી. આની તરફ ધ્યાન નહિં આપીએ તો તે વધતી જ જશે અને આપણે તેને એક અપરિહાર્ય ઘટના ગણી તેની સાથે ગોઠવી લેશું. આનો અર્થ આંતરિક કોહવાટ અને તેની ઉપર નભતાં વિકારોમાં વધારો. તેથી જ શાણા લોકો સોબત પસંદ કરવામાં ધ્યાન રાખવાનો આગ્રહ રાખે છે. તે આપણા ચારિત્ર્યની પહેચાન હોય છે.

આપણે આંતરિક અને બાહ્ય સાફસફાઈ કરવી જરૂરી છે. જેથી પેલા નઠારા તત્વો અન્ય ઠેકાણે ચાલ્યા જાય અને મધુરભાવો ઉપર નભતાં તત્વોને આ ગુલશનમાં આવવું ગમે.

(જેવા આપણા વિચારો, ભાવનાઓ, કર્મો હશે તેવા જ વિચારો, ભાવનાઓ કર્મો આકર્ષાઈને આપણી દ્વારા અભિવ્યક્ત થશે. જો પ્રભુ જ આપણી દ્વારા આવિર્ભાવ પામે એવી આપણી અભીપ્સા હશે તો પ્રભુમય વિચારો, ભાવનાઓ અને કર્મો કરો. સંસ્કૃતમાં કહેવત છે ''કીટભૃંગ ન્યાય' અર્થાત જેવું વિચારશો તેવા થશો. જો ભમરીનાં દરમાંની અળાઈ ભમરીના ડંખથી ડરીને સતત ભમરીનું જ ધ્યાન કરે છે તો તે ભમરી જ બની જાય છે, તો આપણે પ્રભુનું જ ધ્યાન કરશું તો શું પ્રભુરૂપ નહિ બનીએ ? બનશું જ .) - તંત્રી

# ગીતામૃતમ્

## યજ્ઞનું રહસ્ય

પ્રકરણ - ૪

(ગીતા નિબંધો ભાગ-૧ પ્ર.૧૨ ઉપર આધારિત)

ગીતાનો ત્રીજો અને ચોથો અધ્યાય યજ્ઞની કલ્પના સ્પષ્ટ કરે છે. ત્રીજામાંની ભાષા વૈદિક-કર્મકાંડની છે. તે ભાષામાં પ્રથમ સમજાવી ચોથા અધ્યાયમાં યજ્ઞનો વિશાળ આધ્યાત્મિક અર્થ શ્રીકૃષ્ણ સમજાવે છે.

ત્રીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણ વેદોનો ઉલ્લેખ કરીને જણાવે છે કે પ્રભુના સંકલ્પને કારણે બ્રહ્માંડ-નિર્માણ કરનારી જે શક્તિ નિર્માણ થઈ તેણે જ વૈશ્વિકરૂપ ધારણ કર્યું. તે પ્રજાપતિ. બ્રહ્માંડનું સ્થૂળ સ્વરૂપ જ પ્રજાપતિ છે જેને 'બ્રહ્મા' કહેવામાં આવે છે.

આ બ્રહ્માએ અનંત વ્યક્તિ-સ્વરૂપો રૂપ પ્રજા નિર્માણ કરી અને સાથે સાથે સમગ્ર ભૌતિક-સૃષ્ટિ પણ નિર્માણ કરી તેની આ સર્જન પ્રક્રિયા એ જ યજ્ઞ સ્વરૂપ હતી. તેથી ગીતા જણાવે છે કે 'સહયજ્ઞાઃ પ્રજા સૃષ્ટાઃ'' અર્થાત યજ્ઞ સાથે જ પ્રજા પણ નિર્માણ કરી અને પછી એનું આયોજન કર્યું કે આને કારણે જ તે વ્યક્તિ સ્વરૂપો પ્રભુના સંકલ્પાનુસાર પોતાના પ્રભુરૂપ દિવ્ય-સ્વરૂપોને વિકસાવશે. (અનેન પ્રસવિસધ્વમ્) અને તેથી તેમના તે પ્રયત્નો તેમની પ્રભુરૂપ થવાની કામનાઓને પૂર્ણ કરતી કામધેનુ બની જશે. ધેનુ એટલે 'ગો' (ગાય) જેનો અર્થ 'પ્રકાશ' પણ થાય છે. સારાંશ તેમને પોતે પ્રભુ સ્વરૂપ જ છે એવો જ્ઞાનનો પ્રકાશ મળશે. પણ તેના માટે પ્રયત્નો કરવા પડશે.

કર્મનાં ત્રણ પ્રકાર છે.

૧ જીવનનો હેતુ જાણ્યા વગર મોજશોખમાં જીવન વિતાવવું. આવા કર્મો કામધેનુ રૂપ બનતાં નથી તેથી વ્યર્થ બની જાય છે (મોઘં પાર્થ સ જીવતિ)

૨ જીવનનો હેતુ જાણીને યજ્ઞભાવનાથી કર્મો કરવામાં આવે છે છતાં તેમાં મોજશોખની અપેક્ષા રાખવામાં આવે છે.

૩ જીવનનો હેતુ જાણી તે અનુસાર જ નૈષ્કર્મ્યભાવથી કર્મો કરવામાં આવે છે. આ ત્રીજા પ્રકારના કર્મોથી જીવનનો મૂળ હેતુ સિદ્ધ થાય છે. (પરમ આપ્નોતિ પુરૂષઃ)

આ 'પરમ' શું છે તે હવે જણાવે છે. બહ્મ તત્વ બે રીતે પોતાનો આવિર્ભાવ કરે છે.

૧ અક્ષર બ્રહ્મ તરીકે અર્થાત પ્રભુના સંકલ્પાનુસાર હજી સક્રિય ન બનેલો અંશ

૨ ક્ષરબ્રહ્મ અર્થાત પ્રભુના સંકલ્પાનુસાર આવિર્ભાવની પ્રક્રિયામાં શામેલ થએલો અંશ

૩ આ બન્ને ક્ષર અને અક્ષર બન્ને અંશોને પોતામાં ધારણ કરીને રહેલ પુરૂષોત્તમ સ્વરૂપ ક્ષર અને અક્ષર બન્ને તેનાં સંવાદમય પાસા સ્વરૂપ બની જાય છે. તે બન્નેમાં પ્રવેશીને રહેલ હોવાથી તેને 'સમંબ્રહ્મ' પણ કહે છે. આ સમંબ્રહ્મ જ વિશ્વપ્રકૃતિના મહાન યજ્ઞનો ભોકતા છે મહેશ્વર છે.

આ પ્રભુનો આવિર્ભાવ કરવા માટેનો યજ્ઞ ચાલી રહ્યો છે. આ એક આંતરિક અને આધ્યાત્મિક યજ્ઞ છે. ભૌતિક કર્મકાંડ નથી. આ યજ્ઞની ભાવનાથી કર્મો કેવી રીતે કરવા તે માટે ગીતા જણાવે છે કે અંતરથી સર્વે કર્મોનો કર્તા પ્રભુ પોતે જ છે, એવો ભાવ રાખવો અને બહારથી કર્મો કરતાં રહેવાં. પ્રભુ પોતે જ પોતાનો આવિર્ભાવ કરવા મથી રહ્યાં છે. એ જ હકીકત છે અને તેવો જ ભાવ પોતાના બધા કર્મો બાબત રાખવો એ જ યજ્ઞનો ભાવ છે. આપણા કર્મો એ તો 'હવિ' છે આહૂતિ-રૂપ છે. બ્રહ્મ જ અગ્નિ છે તે જ હવિર્દ્રવ્ય છે. તેમાં જ આહૂતિ અપાય છે. તેને જ અર્પણ છે. (બ્રહ્માર્પણં બ્રહ્મહવિર્બ્રહ્માગ્નૌ બ્રહ્મણાહુતમ્)

આ યજ્ઞનાં અનેકવિધ સ્વરૂપો બાબત હવે જણાવે છે. તે નીચે મુજબનાં છે.

૧ અમુક દેવતાઓનું ધ્યાન કરી તેની સાથે એકરૂપ થવાનો યજ્ઞ

૨ બ્રહ્મ તત્વનું ધ્યાન કરી તેની સાથે એકરૂપ થવાનો યજ્ઞ.

૩ શ્રોત્ર, ચક્ષુની ક્રિયાઓ ઉપર સંયમ રાખી પ્રત્યાહાર ઈન્દ્રિયનિગ્રહ સ્વરૂપ યજ્ઞ.

૪ શબ્દ, સ્પર્શ વગેરેના સંવેદનો એ ઈન્દ્રિયનાં (પ્રકૃતિનઃ) કાર્ય છે. મારા નથી એવો ભાવ જાળવવાનો યજ્ઞ.

૫ બધી કર્મેન્દ્રિયોનું કાર્ય એ પ્રાણશક્તિથી થાય છે. મારાથી નહિ. એવો સાક્ષીભાવ રાખવાનો યજ્ઞ.

૬ પોતે આત્મા સ્વરૂપ છે. એવો ભાવ રાખી પ્રકૃતિનાં સમગ્ર કાર્યને સંયમમાં લાવવાનો યજ્ઞ

આવા વિવિધ યજ્ઞોનાં સાધના સ્વરૂપ દાખલા આપે છે. ઉપરનાં દાખલા

દર્શાવે છે કે ગીતામાં આંતર સાધના સ્વરૂપ યજ્ઞને જ મહત્વ આપ્યું છે. કર્મકાંડ સ્વરૂપ યજ્ઞને નહિં. જ્યારે આંતરયજ્ઞ બાહ્યક્રિયામાં પ્રગટ થવા લાગે છે ત્યારે બાહ્ય સાધના સ્વરૂપ યજ્ઞો રચાય છે, એવું ગીતાનું માનવું છે તેમાં દ્રવ્યયજ્ઞ જેવાનો સમાવેશ થાય છે (અ.૪ શ્લો. ૨૫-૩૦)

આવા યજ્ઞોનું મહત્વ જણાવતા ગીતા જણાવે છે કે જે વ્યક્તિ આવા યજ્ઞો કરતાં નથી તેને ઈહલોક જ નથી ત્યાં પરલોકની ક્યાં વાત કરવી. કહેવાનો અર્થ છે કે તેનું આ ભૌતિક જીવન જ સુધરતું નથી (અસંયમના કારણે) ત્યાં પરલોક સુધરવાની વાત કરવાનો અર્થ જ નથી. ગીતા અહિં કદાચ એ સૂચવે છે કે ઉપર જણાવેલાં યજ્ઞો પ્રથમ ભૌતિક-જીવનને પ્રભુનાં સંકલ્પને અનુકૂળ રીતે ગોઠવાય છે અને પછી આંતર-જીવન ગોઠવવાની શરૂઆત થાય છે. જેવું આચરણ હશે તેવા વિચારો અને ભાવો બને છે.

સમગ્ર બ્રહ્માંડની નિર્મિતિની પ્રક્રિયા એ આ-પ્રક્રિયાનો જ ભાગ છે અને આપણે બ્રહ્માંડનો જ ભાગ હોવાથી આપણી ચેતનાનો વિકાસ આ પણ યજ્ઞ જ બની રહે છે.

આપણે બે પ્રકારનું દિવ્યજ્ઞાન આ યજ્ઞ પ્રક્રિયાથી મેળવવાનું છે.

૧ પોતાના આત્માનું સ્વરૂપનું જ્ઞાન. આમાં મૂળ આત્મ સ્વરૂપ બાબતનો પ્રત્યક્ષ અનુભવ લેવાનો છે.

૨ પ્રભુના આ બ્રહ્માંડની આવિર્ભાવ પ્રક્રિયાનું જ્ઞાન. આ બે વસ્તુ પ્રભુના સક્રિય (ક્ષરપુરૂષ) અને નિષ્ક્રિય (અક્ષર-પુરૂષ) પાસા બાબતનું આપણને જ્ઞાન આપે છે અને તેમાંથી પછી બન્નેનાં સંયોગ સ્વરૂપ પુરૂષોત્તમનું જ્ઞાન પ્રગટ થાય છે જે દિવ્ય-જીવનની એકતા, શાંતિ અને આનંદનો ઉપભોગ કરતાં કરતાં પણ કર્મ કરવાની કુશળતા આપે છે.

'યોગઃ કર્મષુ કૌશલ્ય' નો અર્થ આ છે. આ જ કર્મયોગનું પણ રહસ્ય છે.


## યોગેશ્વરનો યોગ

મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ વતિ પ્રકાશિત, માનસિંહ ચાવડા લિખિત, શ્રી અરવિંદનાં દર્શનો અને ભગવદ્ગીતા ઉપર આધારિત પુસ્તક. હાર્ડબાઉન્ડ, પે. ૨૪૮, કિં. ૧૮૦/- હવે ઉપલબ્ધ છે. - તંત્રી

# વેદ - વિજ્ઞાન

## વૈદિક સૂક્તો

પ્રકરણ - ૩ (ચાલુ)

## અગ્નિસૂક્ત

(નીચે અગ્નિ સૂકતમાંનાં થોડાક વિણેલાં મંત્રો આપ્યા છે. તેમાં શરીરમાં દિવ્ય-પ્રકાશ અને દિવ્ય-શક્તિઓને કેવી રીતે અવતરણ કરાવી આપણા ત્રણે શરીરને પ્રભુનું નિવાસ-સ્થાન બનાવી શકીએ તેની સ્પષ્ટ વિગતો મળે છે. શ્રી માતાજી અને શ્રી અરવિંદના અતિમનસ અવતરણ અને તેની દ્વારા કોષોની સાધનાના બીજો તમને અહિં સ્પષ્ટ જાણવા મળશે. આ વાસ્તવિકતાને ધ્યાનમાં લઈ વેદોનો, ઉપનિષદોનો, ગીતાનો, શ્રી અરવિંદ અને માતાજીની સ્વાનુભુતિના આધારે સાચો ગૂઢ અર્થ સમજવાની તાતી ગરજ નિર્માણ થઈ છે. ભારતને તેનું પોતાનું સત્ય શોધી કાઢવા અને તેની દ્વારા સમગ્ર જગતને સાચા આધ્યાત્મિકતાની સમજણ આપવાનો સમય પાકી ગયો છે. ખોટ છે ભારતીય સપૂતોની. જગન્માતાના દિવ્યયોદ્ધાઓની ! - તંત્રી)

**૧ અગ્નિર્હોતા કવિક્રતુઃ સત્યશ્ચિત્ર વસ્તમઃ।**
**દેવો દેવેભિરાગમત્ (ઋ - ૧-૧-૫)**

પ્રકાશમય ચૈત્યપુરૂષ (અગ્નિઃ) સાધકના યોગ સાધનારૂપી યજ્ઞનો જાણે યજ્ઞકર્તા છે (હોતા) જેઓએ આંતરિક-સત્યો જાણી લીધાં છે એવા જાણકાર સાધકોને (કવિ) બ્રહ્મચેતનામાં રહી દિવ્ય-કર્મ કરવાની પ્રેરણા આપે છે (ક્રતુઃ) અને એ રીતે કર્મ કરાવી સાધકનાં તત્વોને બ્રહ્મ ચેતનાના આવિર્ભાવના સાધન તરીકે વિકસાવી સત્યનો ઘાટ આપે છે (સત્યઃ) તે જ પ્રકાશમય ચૈત્યસ્વરૂપ અગ્નિ (દેવો) વિપુલ પ્રમાણમાં (તમઃ) વિવિધ દિવ્ય-શક્તિઓનો વિવિધરીતે અવતરણ કરાવી (ચિત્રસ્રવઃ) નીચે દૈવિ-શક્તિઓનું (દેવેભિઃ) શારીરિક કોષોમાં પણ અવતરણ કરાવે છે (આગમત્)

**૨ યદંગં દાશુષે ત્વમ્ અગ્ને ભદ્રં કરિષ્યસિ।**
**તવેત્તત્ સત્યમંગિરઃ (ઋક- ૧-૧-૬)**

હે પ્રકાશમય ચૈત્યપુરૂષ (અંગિરઃ) જે શારીરિક કોષો (યદંગં) પરમ-ચેતના પ્રત્યે સમર્પિત રહે છે (દાશુષે) તેને હે અગ્નિ તું (ત્વમ-અગ્ને) શુદ્ધ અને દિવ્ય કરે છે (ભદ્રં કરિષ્યસિ) આ જ (એતદ્) તારું સાચું કાર્ય છે (તવ સત્યમ્)

(હવે ભૌતિક, સૂક્ષ્મ અને કારણ ત્રણ શરીર છે તે જ યજ્ઞ-કુંડ છે એવી ભાવના કરીને સાધનાની શરૂઆત કરવાની છે.)

**૩ રાજંત મધ્વરાણાં ગોપાં ઋતસ્ય દી દિવમ્।**
**વર્ધ્યમાનં સ્વે દમે (ઋક્ - ૧-૫-૮)**

ત્રણ શરીર રૂપી ત્રણ કાંગરાવાળા યજ્ઞકુંડોમાં (અધ્વરાણાં) રહેનાર (રાજન્તમ્) બીજ-સ્વરૂપ સત્યનાં અર્થાત પ્રભુના સંકલ્પનાં દિવ્ય-પ્રકાશનું (ઋતસ્ય દી દિવમ્) રક્ષણ કરનાર (ગોપાં) હે પ્રકાશમય ચૈત્યપુરૂષ રૂપી અગ્નિ તું પોતાના ત્રણ શરીર રૂપી પોતાના ઘરમાં જ (સ્વે દમે) વિકાસ પામ (વર્ધ્યમાનમ્)

હવે તેને વિકસાવવાની રીત દર્શાવે છે. જેમાં મિત્ર એટલે દિવ્ય પ્રકાશ અને વરૂણ એટલે દિવ્યશક્તિ તરીકે સમજવાની છે.

**યજા ના મિત્રાવરુણા યજા દેવાન્ ઋતં બૃહત્।**
**અગ્નિ યક્ષિ સ્વંદમમ્ (ઋક ૧-૭૫-૫)**

હે પ્રકાશમય ચૈત્યપુરૂષ રૂપી અગ્નિ અમો (નો) તમને મદદગાર (મિત્ર) દિવ્ય પ્રકાશ તરીકે તેમજ અનંત બ્રહ્મ-શક્તિઓનાં સમુદ્રરૂપ વરૂણ તરીકે (વરૂણા) અમારી સાધનારૂપી યજ્ઞમાં યજન કરીએ છીએ (યજા) અર્થાત ધ્યાન ધરી તેની સાથે એકરૂપ થઈએ છીએ. તેમજ અમે વિવિધ-દિવ્ય-શક્તિઓ સ્વરૂપે દેવો (દેવાન્) તેમજ અમારામાં બીજ સ્વરૂપે રહેલ (ઋતં) અસીમ બ્રહ્મતત્વનું (બૃહત્) પણ અમારી સાધનારૂપી યજ્ઞમાં યજન કરીએ છીએ. (ધ્યાન પ્રક્રિયામાં તેમની સાથે એકરૂપ થવાનો યજ્ઞ કરીએ છીએ) આમ કરીને હે અગ્નિ અમને અમારા ત્રણ શરીરરૂપી ગૃહમાં રહેતાં શિખવો (સ્વં દમં યક્ષિ)

**૫ મિત્રં હુવે પૂતદક્ષં વરૂણં ચ રિશાદસમ્।**
**ધિયં ઘૃતાર્ચી સાધન્તા (ઋક્ ૧-૨-૭)**

અમે તો મદદગાર (મિત્રં) દિવ્યપ્રકાશ સાથે પોતાનાં ત્રણ શરીરોને એકરૂપ કરીને (હુવે) અમારા ત્રણે શરીરોને શુદ્ધ અને દિવ્ય (પૂત) તથા એકાગ્ર (દક્ષં) કરીએ છીએ. તેમજ દિવ્ય-શક્તિઓનાં સાગરરૂપી વરૂણને સાથે પણ એકરૂપ થઈને અદિવ્ય શક્તિઓ સ્વરૂપ શત્રુઓનો (રિશા) નાશ કરીએ છીએ (દશમ્).

આ રીતે પ્રકાશ અને શક્તિ બન્ને સ્વરૂપ પ્રજ્ઞા શક્તિને (ધિયં) તેનાં અતિમનસ પ્રકાશને(અર્ચિ) શ્રદ્ધારૂપી ઘી થી (ઘૃત) પોષી તેમને અમારા ત્રણે શરીરો રૂપી ગૃહમાં સિદ્ધ કરીએ છીએ (સાધંતામ્) અર્થાત ક્ષણિક એકાગ્ર થતાં જ અંદર અનુભવીએ છીએ.

**૬ ઋતેન મિત્રાવરૂણાં ઋતાવૃધા ઋતસ્પૃશા।**

**ઋતં બૃહંતમા શાથે ।। (ઋક્ - ૧-૨-૮)**

આવી રીતે ધ્યાનમાં જ બીજ સ્વરૂપ (ઋતેન) મદદગાર દિવ્યપ્રકાશ (મિત્રા) અને અનંત દિવ્ય-શક્તિના સાગરરૂપ વરૂણને (વરૂણાં) પ્રાપ્ત કરવાની અભીપ્સા અમે સેવીએ છીએ (આશાથે) આને કારણે તે બીજ સ્વરૂપ પ્રકાશમય અને શક્તિમય બ્રહ્મતત્વ ધ્યાનમાં વધારેને વધારે પ્રગટ થઈને તેની સાથે એકરૂપતા સધાય છે (ઋતાવૃધા) તેમજ તે પ્રકાશ અને શક્તિના અવતરણની સ્પર્શ સંવેદના પણ અનુભવાય છે (ઋત-સ્પૃશા) અમે તો અંતે પેલા અસીમ-ચેતના સ્વરૂપ પ્રકાશ તથા શક્તિની અર્થાત વિશાળ ચેતનાની જ અભીપ્સા સેવીએ છીએ (બૃહંતમાશાથે)

**૭ કવિનો મિત્રાવરૂણા તુ વિજાતા ઉરૂક્ષયા।**

**દક્ષં દધાતે અપસમ્ (ઋક્ - ૧-૨-૯)**

દિવ્ય-પ્રકાશસ્વરૂપ મિત્ર અને દિવ્યશક્તિ સ્વરૂપ વરૂણ જ (મિત્રાવરૂણા તુ) અમારા માટે (નો) સાધનાના જાણકાર માર્ગદર્શક બનો અર્થાત તે જ સાધનામાં લેવાના નિર્ણય લો. (કવિ) તેઓ અમારા અંતકરણમાં (ઉરૂક્ષયા) વિવિધ સ્વરૂપે આવિર્ભાવ પામો અર્થાત દર્શન શ્રવણ સ્વરૂપે પ્રગટ થાઓ (વિજાતા) તેને કારણે અમારામાં એકાગ્રતા રૂપ સભાનતા પ્રાપ્ત થાઓ (દક્ષંદધાતે) અને તે દિવ્ય-પ્રકાશ અને દિવ્ય-શક્તિ અમારા ત્રણે શરીરમાં ઠેઠ કોષો સુધી નીચે અવતરણ પામો (અપસમ્)

---

(પાના નં.૨૪ ઉપરથી) **અતિમનસ જગતનો શિલાન્યાસ**

એમની હાજરી પોતે જ એ વસ્તુને સિદ્ધ કરવાને પૂરતી છે કે એક દિવસ એવો આવવાનો છે કે જ્યારે ગહનમાં ગહન અંધકાર પ્રકાશમાં પલટાઈ જશે, અને પૃથ્વી ઉપર તારું (પ્રભુનું) શાસન અવશ્ય સ્થપાશે.''

- શ્રી માતજી ૩૦/માર્ચ/૧૯૧૪

''આવું આધ્યાત્મિક અને કોષેકોષ સહિતનું સંપૂર્ણ સમર્પણ અગાઉ કોઈએ કરેલું નથી.''

આવી વિરલ ઘટનાનાં ફળ પ્રાપ્ત કરવા માટે આપણે સહુ એને લાયક બનવા પ્રયત્ન કરીએ. આ શતાબ્દિ વર્ષ દરમિયાન તો ખાસ જ.

# ઉપનિષદોનું અમૃત

પ્રકરણ - ૬

## છાંદોગ્યોપનિષદની શાંડિલ્યવિદ્યા અને જીવનયજ્ઞ

(૩/૧૪ - ૧૭)

શાંડિલ્ય ઋષિએ બ્રહ્મતત્વની જે ઉપાસના - પદ્ધતિ વિકસાવી તેને જ શાંડિલ્ય - વિદ્યા કહે છે. તે છાંદોગ્યોપનિષદની બધી જ વિદ્યાઓની પાયાભૂત ઉપાસના પદ્ધતિ છે. શાંડિલ્યે પોતાની અનુભૂતિના આધારે જણાવેલું કે 'સર્વં ખલુ ઈદં બ્રહ્મ' આ સમગ્ર જગત તેમાં જ જન્મે છે (તજ્જ=તદ્+જ) તેમાં જ લય પામે છે (તલ્લ = તદ્ + લ (લય) તેમાં જ વ્યવહાર પણ કરે છે (તદન = તદ્ + અન્) તેથી તેમનો જીવન - મંત્ર છે. ''તજ્જ તલ્લ તદન્''

હવે આ બ્રહ્મ - ચેતનાની ઉપાસના કેવી રીતે કરવી તે શાંડિલ્ય ઋષિ જણાવે છે કે પ્રથમ તો પોતાના ચિત્તને રાગદ્વેષ વગેરે ષડ્રિપુઓથી મુક્ત કરીને શાંત - ચિત્ત બની જાવ. આવા શાંતચિત્તમાં જ પેલા સર્વવ્યાપી સર્વત્ર રહેલ સમાન તત્વરૂપ સામનું પ્રતિબિંબ પડશે. બસ સતત તે પ્રતિબિંબ બાબત સભાન બની રહો. સતત પોતે તે બ્રહ્મતત્વ જ છે, એવો મનમાં સંકલ્પ કરતા રહો (સોહમ્) અને તેની શ્રદ્ધાને નિષ્ઠામાં ફેરવતા રહો. ધીમે ધીમે તેવું અનુભવવું એ તમારો સ્વભાવ બની જશે. ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ રાખો. આને જ ઉપાસના કહે છે. તેથી ઋષિ કહે છે. ''શાંતઉપાસીત''

માનવનો જેવો સંકલ્પ હોય તેવો તે બને છે. સંકલ્પ શક્તિ આપણા ચૈત્યપુરૂષની છે. તે શબ્દોમાં બોલતો નથી, વિચારતો નથી પણ તેવું દર્શન નિર્માણ કરે છે તેવું અનુરૂપ કલ્પનાચિત્ર રચે છે અને તેનું આ કલ્પના-ચિત્ર સિદ્ધ થાય છે, કારણ તે સિદ્ધ - સંકલ્પ છે. સં + કલ્પ એટલે અનુરૂપ કલ્પના કરવી. આને જ શાસ્ત્રો પશ્યંતિ - ભાષા કહે છે. ચૈત્યપુરૂષની ભાષા પશ્યંતિ હોય છે, તો જીવાત્માની ભાષા પરાવાણી હોય છે. તે ફક્ત અનુભવે છે. (અવાક્યઃ) કલ્પના ચિત્રો નિર્માણ કરતો નથી. સંકલ્પને જ 'ક્રતુ' કહે છે. દરેકે અભ્યાસદ્વારા આવા ક્રતુવાન અથવા 'સક્રતુ' બનવું જોઈએ. આને જ શ્રદ્ધા પણ કહે છે.

આ બ્રહ્મતત્વની કલ્પના કરવી એટલે શું કરવું ? તો ઋષિ જણાવે છે કે તે

પ્રકાશ-સ્વરૂપ છે (ભારૂપઃ) તે સંકલ્પ - સિદ્ધ છે (સત્ય-સંકલ્પઃ) તે આકાશ જેવો સર્વવ્યાપી અને નિર્લેપ છે (આકાશાત્મા) તેમાંથી જ બધાં કર્મો અને કામનાઓ નિર્માણ થાય છે (સર્વ કર્મા સર્વકામઃ) તે અણુનો પણ અણુ જેટલો સૂક્ષ્મ છે અને મહાનથી મહાન વિશાળ છે (અણીયાન્) (જયાયાન્)

આવા ભાવમાં જરાપણ શંકા સેવવી નહિ (ન વિચિત્સાસ્તિ)

આવી રીતે ધ્યાન કરવું તેને જ ચિંતન, મનન, નિદિધ્યાસન કરવું કહે છે, આજ શાંડિલ્ય - વિદ્યાનું રહસ્ય છે.

આવી શાંડિલ્ય - વિદ્યાને જીવનમાં વાસ્તવિક કરવા જીવનને જ યજ્ઞ અને શરીરને જ યજ્ઞવેદી, આત્માને જ યજ્ઞકર્તા બનાવવાની જરૂરી છે.

તે માટે જીવનને યજ્ઞ સમજવાનાં કારણો નીચે મુજબનાં છે. પરમ - ચેતનાએ જ અનંતરૂપે પ્રગટ થવાનો આદિ-સંકલ્પ કર્યો. તેને કારણે અનંત જીવાત્માઓ ચેતના-પુંજ તરીકે આવિર્ભાવ પામ્યા. તેમણે ભૌતિક-કક્ષા સુધી પોતાને પ્રગટ કરવાનો પ્રયત્ન કર્યો. તેમાંથી જ 'જીવન' પ્રગટ થયું છે. આમ 'જીવન'એ પ્રભુનો અનંતરૂપે પ્રગટ થવાનો જે વૈશ્વિકયજ્ઞ ચાલી રહ્યો છે તેનો જ એક ભાગ હોવાથી જીવન પણ યજ્ઞરૂપ જ છે.

આ સમજાવવા છાંદોગ્યોપનિષદનો આ ભાગ છે. તેમાં ઘોર આંગીરસ ઋષિ ભગવાન કૃષ્ણને જીવનયજ્ઞની દીક્ષા આપતા દર્શાવેલા છે. તેમાં જીવનને પણ યજ્ઞ ગણીને પ્રભુના આવિર્ભાવના યજ્ઞ તરીકે ગણીને - જીવવાની સલાહ આપેલી છે.

જીવન અને યજ્ઞમાંની સામ્યતા નીચે મુજબ દર્શાવેલી છે.

૧ યજ્ઞનો આરંભ સંકલ્પથી થાય છે. તે યજ્ઞ - દીક્ષાનાં ભાગરૂપ આવે છે. તેમ જીવનની બધી પ્રવૃત્તિઓ ઈચ્છાથી જ શરૂ થાય છે. તેથી ઈચ્છા જ જીવનની દીક્ષા છે. આમ જીવન અને યજ્ઞ બન્નેમાં શરૂઆત દીક્ષાથી થાય છે.

૨ જીવનમાં માણસ ખાય પીએ છે. ત્યારે તેને આનંદ આવે છે. યજ્ઞમાં બેસનારને ઉપસદ કહેવાય છે. કારણ તેને સતત હવનકુંડ પાસે બેસવું પડે છે (ઉપ = પાસે, સદ = બેસવું) તેને પણ યજ્ઞ દરમિયાન એક જ વખત જમવું અર્થાત એકટાણા (એકભુક્) થોડુંક જ પાણી પીવું (પયપાન) બ્રહ્મચર્ય, ભૂમિશયન (જમીન ઉપર સુવું) વગેરે વ્રતો ધારણ કરવા પડે છે. તેથી જ્યારે તેને અલ્પાહાર અપાય છે, પાણી અપાય છે ત્યારે તેને પણ ખૂબજ સંતોષ થાય છે. તેથી જીવન અને યજ્ઞ બન્નેમાં જરૂરિયાત સંતોષ્યાનો આનંદ હોય છે.

૩ જીવનમાં જેમ હસવું, ખાવું, સુવું, આ નિત્ય - ક્રિયાઓ છે. તેમ યજ્ઞમાં પણ નિત્ય-ક્રિયાઓ હોય છે.

૪ યજ્ઞના અંતે અને યજ્ઞ દરમિયાન પ્રભુની સ્તુતિ અને પ્રશંસા કરવામાં આવતી હોય છે. મહિમાગાનને જ 'શસ્ત્ર' કહેવાય છે. તે સમજાવનાર ગ્રંથ તે શાસ્ત્ર. યજ્ઞનું સંરક્ષણ શાસ્ત્ર છે. જીવનનું સંરક્ષણ - શસ્ત્ર છે.

૫ યજ્ઞમાં ક્રિયા-કર્મ વખતે ખૂબજ એકાગ્રતા રાખવી પડે છે. તેને જ દક્ષતા કહે છે અને તે યજ્ઞ કરાવનારા બ્રાહ્મણો ટકાવી રાખે છે. તે માટે તેમને દક્ષિણા અપાય છે. તેમ જીવન દરમિયાન પણ દૈવી - સંપતિ તપ, દાન, સરળતા, અહિંસા, સત્યવચન પાળવા રૂપી દક્ષતા રાખવી પડે છે. બન્નેમાં દક્ષતાની જરૂર છે.

૬ જીવનમાં બાળકોના જન્મને 'પ્રસવ' કહેવાય છે. બાળકના જન્મથી કુટુંબમાં આનંદ છવાઈ જાય છે. યજ્ઞમાં યજ્ઞ કરાવતા બ્રહ્મણો અને યજમાનને થાક ન લાગે માટે સોમલ્લીનો રસ પાય છે. તેને સોમપાન કહે છે. તે માટે સોમવલ્લીનો રસ કાઢવાની પ્રક્રિયાને 'સોમ-સંધાન' કહે છે.

તે વખતે સોમવલ્લીમાં રહેલ અવ્યક્ત રસ વ્યક્ત થાય છે. તે સોમવલ્લીનો જાણે 'પ્રસવ' જ છે. તે પ્રસવ થવાથી યજ્ઞના બ્રાહ્મણો અને યજમાન આનંદમાં આવી જાય છે. તેમને ખાતરી થાય છે કે હવે તેમને સોમરસ મળશે જ.

૭ જીવન અને યજ્ઞની અંતિમ સામ્યતા- જીવનનો અંતિમ શ્વાસ અને યજ્ઞનું અવભૃત સ્નાન. અવભૃત સ્નાનમાં યજ્ઞ દરમિયાન પહેરેલાં કપડાંને સ્નાન વખતે ત્યાગવામાં આવે છે. તેમ જીવન યજ્ઞમાં અંતિમ શ્વાસ વખતે દેહરૂપી જીર્ણ વસ્ત્રો ત્યાગવામાં આવે છે.

૮ યજ્ઞના અંતે સ્વસ્તિ-વાચન કરવામાં આવે છે. સ્વસ્તિ - વાચન એટલે મંગળ કામનાઓ. તેમ જીવનના અંતે જીવન યજ્ઞ પૂરો થતો હોય ત્યારે યોગીએ નીચે મુજબની મંગળ-કામનાઓ કરવાની છે. જેથી બ્રહ્મભાવ જાગૃત થઈ સદ્ગતિ મળે.

| | |
|---|---|
| ૧ અક્ષિતં અસિ. | તુ અવિનાશી છે. |
| ૨ અચ્યુતં અસિ. | તું અવિચળ, સ્થિર છે. |
| ૩ પ્રાણસંશિતં અસિ. | તૂ સૂક્ષ્મ મહા પ્રાણ સ્વરૂપ છે. |

આવી રીતે જીવન જ યજ્ઞ સ્વરૂપ છે. એવો ઉપદેશ ઘોર આંગીરસે પોતાના

(અનુ. પાના નં.૪૫ ઉપર)

# અતિમનસ જગતનો શિલાન્યાસ
# આધ્યાત્મિક ઈલેક્ટ્રોન

પ્રકરણ - ૩

- પરાશર ત્રિવેદી

''એક ઈલેક્ટ્રોન કંપે છે અને આખું વિશ્વ ધ્રૂજે છે.'' એક વૈજ્ઞાનિકે આવું વિધાન કરેલ છે. ઈલેક્ટ્રોન કે અણુ ફક્ત ભૌતિક જ હોતા નથી. તે પ્રાણમય, મનોમય, ચૈતસિક અને આધ્યાત્મિક પણ હોય છે.

વિશ્વનાં એક ખૂણે બનતી કોક ઘટના વિશ્વ આખામાં ફરી વળતી હોય છે. તેની અસર તત્કાળ કે કાળાંતરે થાય પરંતુ, કદીયે લોપાતી નથી. એવી જ એક મહાભિનિષ્ક્રમણની ઘટના તા.૪ થી એપ્રિલ ૧૯૧૦ના રોજ દક્ષિણ ભારતનાં પૂર્વ કિનારે પોંડિચેરીનાં સાગર કાંઠે બની.

આજનું પ્રભાત અનોખું ગુલાબી હતું. આજે ઉત્તર દિશામાંથી તપસ્વી - યોગીના પગલા થવાનાં હતાં. એને આવકારવા પોંડિચેરી (જુની વેદપુરી)નું આજનું પ્રભાત રોજનાં કરતાં શિતળ હતું અને આનંદના કિરણોથી ઉભરાતું હતું. દરિયાલાલ પણ ઉછળતા મોજા સાથે મોજમાં હતાં. એને એ યોગીને સુરક્ષિત રીતે અને ઝડપથી એ વેદપુરીનાં કાંઠે સ્થાપવા હતાં. માનવજાતનાં અને ભારતનાં ઈતિહાસમાં એક સોનેરી કડી કંડારવાની ઘડી આવી પહોંચી હતી.

સર્જનહારે જે વ્યક્તિમાં ઠાંસો ઠાંસ બુદ્ધિ પ્રતિભા, કરુણા, સંવાદિતા અને ઉચ્ચ કક્ષાની ચેતના ભરેલી હતી, જે મહામાનવ ભારતીય મૂલ્યો અને સંસ્કૃતિને નવી વ્યાખ્યા આપનારો હતો, જે વિભૂતિએ ઈશ્વરનો સહારો લઈને વિધાતા સામે ડગ માંડયા હતાં, જે કવિ મૃત્યુ સામે પ્રેમનો વિજય જન્માવનારો હતો, એવા શ્રી અરવિંદ પોંડિચેરીનાં પવિત્ર દરિયા કાંઠે ડુપ્લેક્સ સ્ટીમર દ્વારા કોલકત્તાથી સરળતાથી સરકી આવ્યાં.

સામાન્યતઃ આવી ઘટના સપાટી ઉપર સહજ લાગે, રોજ બરોજ બનતી હોય એમ લાગે. પણ આ તો આધ્યાત્મિક ઊંચાઈઓને સર કરવા માટેના વિશ્વ પ્રયોગનાં પાયાની ઘટના હતી. કોલકત્તાથી ચંદ્રનગર અને ત્યાંથી પોંડિચેરીનો પ્રવાસ માનવ નિર્ધારિત ન હતો. અંદરથી ઈશ્વરીય આદેશ શ્રી અરવિંદને થયો હતો અને આજ્ઞાંકિત વિદ્યાર્થીની માફક શ્રી અરવિંદ અક્ષરશઃ તે આદેશને

કાર્યમાં મૂકી રહ્યાં હતાં.

શ્રી અરવિંદનું પોંડિચેરીમાં કાયમી આગમન એટલે ભારતીય યોગ શાસ્ત્રમાં આગળનાં પગલાં, માનવ ચેતનાને ભાગવત્ ચેતના તરફ સુવ્યવસ્થિત અને સ્પષ્ટ રીતે દોરી જતો માર્ગ. પ્રભુ પ્રસાદ પામવા માટે અધિકારી થવાની દોરવણી, અતિમાનસ પ્રકાશ ઝીલી શક્તિ સંપન્ન કરવાનો માર્ગ, તેમજ અસરકારક રાજકીય વિચારધારા પોતાનાં આંતર પ્રદેશોમાં ખેડીને ભારતને સ્વતંત્ર કરવા માટેની કાર્યશાળાનો માર્ગ, આસુરિક શક્તિ ઉપર દેવી શક્તિના વિજયનો માર્ગ હતો. દેખાતી સામાન્ય ઘટનાનાં ગર્ભમાં કેટલો વૈભવ ઢબુર્યો હતો તે આપણે ૪ થી એપ્રિલ ૧૯૧૦ પછીના સમયની ઘટનાઓનો અખિલાઈથી વિચાર કરીએ તો આ બધું સાચું લાગશે, દિવ્યતાએ એના ઉપર મહોર મારી હતી એની પ્રતિતી થશે.

શ્રી અરવિંદનું ફ્રેન્ચ સંસ્થાન પોંડિચેરીમાં સ્થાયી થવું, શ્રી માતાજીનાં પતિ પૉલ રીશારને ફ્રાંસની સરકાર દ્વારા એ જ ગાળામાં પોંડિચેરી મોકલવા, શ્રી રીશારને કમળનાં પ્રતીકનો અર્થ જાણી લાવવાનું શ્રી માતાજીનું સૂચન, શ્રી રીશાર અને શ્રી અરવિંદની મુલાકાત, એ કારણે શ્રી માતાજીનું પોંડિચેરીમાં આગમન અને શ્રી અરવિંદનાં પ્રથમ દર્શને જ સંપૂર્ણ સમર્પણ અને ત્યાર પછી શ્રી માતાજીનું કાયમી આગમન અને અધ્યાત્મ ક્ષેત્રમાં ઉચ્ચત્તર ભૂમિકાઓ પ્રાપ્ત કરવાનો સહપ્રવાસ અને ભગવદ કૃપા પામીને અતિમનસનું પૃથ્વિનાં વાતાવરણમાં અવતરણ, શું આ બધી ક્રમિક અને સુવ્યવસ્થિત ઘટનાઓ અકસ્માત હતી ? શું એ માત્ર મનુષ્યની સમાજ વ્યવસ્થા દ્વારા અંધ દોરવણી હતી ? કે પરમકૃપાળુ પરમાત્માની સુનિયોજિત યોજના હતી ? ભારત અને ભારત દ્વારા જગતમાં આધ્યાત્મિક જ્યોતને પ્રસાર કરવાનો પ્રસાદ સચ્ચિદાનંદે શ્રી અરવિંદ અને શ્રી માતાજી દ્વારા વહેંચવાનો હતો. એક નવી અને દૈવી વિચાર ધારા જગતને આપવાની હતી. મનુષ્ય માત્ર શુદ્ર જંતુ છે, નાશવંત છે, એવા નબળા અને જામી પડેલા નિમ્ન મનોભાવને નાબૂદ કરી, એ અમૃતનો પુત્ર છે, આનંદનો પુત્ર છે અને ભાગવત્ ચેતનાનો અધિકારી છે એ પ્રતિપાદન કરવાનો હતો.

એમ ચોથી એપ્રિલ ૧૯૧૦ ના રોજ સાગર કાંઠે કંપેલો એ આધ્યાત્મિક ઈલેકટ્રોન આખા વિશ્વને ધ્રૂજાવે છે, તમસ ભગાડી પ્રકાશ રેલાવે છે અને આપણને સહુને અને આવનારી પેઢીને તારનારો છે.

# અવિરત કાર્ય

પ્રકરણ - ૪

- પરાશર ત્રિવેદી

એમ માનવામાં આવે છે કે શ્રી અરવિંદ અને શ્રી માતાજી પૃથ્વીની રચનાના સમયથી ચેતનાની ઉત્ક્રાંતિ માટે વિવિધરૂપે કાર્ય કરી રહેલાં છે. આ ભગવદીય કાર્ય અહર્નિશ ચાલ્યાં જ કરે છે અને આપણે આજના યુગમાં હવે જાણતાં થયા છીએ કે આ ઉત્ક્રાંતિનાં મહાયજ્ઞમાં મનુષ્ય પોતે પણ સંપૂર્ણ સભાનપણે ભાગ લઈ શકે છે. સહકાર આપી શકે છે અને ઉત્ક્રાંતિને વેગવંત બનાવી શકે છે. શ્રી અરવિંદ અને શ્રી માતાજીએ આ સમજાવ્યું અને એ સમજણને યથાશક્તિ કાર્યાન્વિત કરવા કેટલાંક મુમુક્ષો પ્રયત્ન કરે છે.

આજના જલદીથી ન કળી શકાય એવાં, જમાનામાં શ્રી અરવિંદ અને શ્રી માતાજીએ સૂચવેલી દિશા કેટલી સાચી છે અને તેને લીધે કેટલી ગૂંચો ઉકેલી શકાય છે તે તો અનુભવે જ જણાય. એ સુવર્ણ સૂચનોમાંથી કેટલીક અગત્યની અને જીવનને મહત્વનો વળાંક આપનારી ઘટનાઓનું આચમન કરીએ અને નવપલ્લવિત થઈએ.

ફ્રાન્સના પેરિસનાં ધનાઢ્ય કુટુંટમાં ઉછરતી, રમતી તેજસ્વી બાળાને નાનપણથી કાંઈક અગમ્ય સ્વપ્ન પ્રદેશમાં વિહરવાનું ગમતું. એની ઉંમરના બાળકો જ્યારે કહેવાતો આનંદ કરતાં ત્યારે તે પોતાના મનોપ્રદેશમાં કાંઈક ગહન શોધમાં પડતી, સ્પષ્ટ જણાતું નહી પરંતુ તેમ કરવામાં તેને રસ પડતો. ૧૧ થી ૧૩ વર્ષ દરમિયાન તેને અલૌકિક અને અસામાન્ય અનુભવો થતાં. ચિત્ર, સંગીત, ટેનિસ વગેરે રમતાં રમતાં આવડી જતાં, એવા રચનાત્મક જીવન પ્રવાસ દરમિયાન એ બાળા ભારતીય તત્ત્જ્ઞાનનાં પુસ્તકોનાં પરિચયમાં તત્ત્વજ્ઞાનનાં પુસ્તકોમાં વાંચવા મળતાં તે તરફ વધુ રસથી તેમજ ખંતથી આકર્ષાઈ. કદાચ જન્મથી જ આ માર્ગે જવાનું નિર્ધારિત હશે એટલે એ જ પ્રમાણેની સગવડો અને તક મળવા લાગી. આ તેજસ્વી બાળાનું નામ ''મીરા'' જેમને આપણે શ્રી માતાજી તરીકે ઓળખીએ છીએ.

૧૯૧૦માં મીરૉનાં પતિ શ્રી પૉલ રીચાર્ડ પોંડિચેરી આવવા પેરિસથી નીકળ્યા ત્યારે મારૉએ એક ''કમળ''નું પ્રતીક આપ્યું અને જણાવ્યું કે આ પ્રતીકનો

ખરેખરો અર્થ ભારતથી જાણી લાવજો.

શ્રી પૉલ, પોંડિચેરી, કે જે ત્યારે ફ્રાન્સનું સંસ્થાન હતું, આવ્યા અને શ્રી અરવિંદની મુલાકાત લીધી. શ્રી અરવિંદે કમળનાં પ્રતિકનો અર્થ સમજાવ્યો. ''કમળ એટલે દિવ્ય ચેતના પ્રતિ ખુલ્લા થવું'' મી. પૉલ પાછા પેરિસ જઈને શ્રી મીરૉને આ અર્થથી માહિતગાર કર્યા. તે ક્ષણે જ મીરૉને પ્રતીતિ થઈ કે આ પ્રતીકનો અર્થ કહેનાર બીજું કોઈ નહી, ગીતાનું વર્ણન કરનાર શ્રી કૃષ્ણ જ હોવા જોઈએ અને એક માનસચિત્ર ઉપસી આવ્યું. તેમાં જ રમમાણ રહતી મીરૉ ૧૯૧૪ની ઐતિહાસિક ઘટનાની અધિકારી બની.

૧૯૧૪નાં ગાળામાં પ્રથમ વિશ્વ યુદ્ધનાં રણશીંગા ફૂંકાવા માંડ્યા હતાં. પૃથ્વી ઉપર અગાઉ યુદ્ધો તો ઘણાં થયાં હતાં. પરંતુ આ યુદ્ધને ''વિશ્વ યુદ્ધ'' નામ અપાયું. લગભગ આખું વિશ્વ પરોક્ષ અને અપરોક્ષ રીતે સંકળાયેલું હતું. રાજકીય અને સામાજિક નકશો કેવો હશે એ કળવું મુશ્કેલ હતું. આવાં અંધાધૂંધ સમયમાં, તા. ૨૯ માર્ચ ૧૯૧૪નાં બપોરે ૩.૩૦ કલાકે શ્રી માતજી શ્રી અરવિંદને તેમનાં નિવાસસ્થાને પોંડિચેરીમાં મળ્યાં. તેમનાં માનસપટ પર જે ગુરુનું ચિત્ર પ્રસ્થાપિત થયું હતું તેવાં જ શ્રી અરવિંદને જોતાં આખું ય કલેવર બદલાઈ ગયું. શ્રી અરવિંદના જરણોમાં ક્યાંય સુધી સંપૂર્ણ સમર્પિત ભાવથી પ્રણામ કરી રહ્યાં ! શ્રી માતજીએ જાણે પોતાનો સમગ્ર ભૂતકાળ અને ભવિષ્યકાળ શ્રી અરવિંદને સોંપી દીધો.

આ ઘટના નાની સુની ન હતી. પૃથ્વીની શરૂઆતથી જ બંને વિભૂતિઓ સંપૂર્ણ ઉત્ક્રાંતિ માટે કાર્ય કરતાં હતાં અને પરમકૃપાળુ ઈશ્વરની યોજના પ્રમાણે આ જન્મે પણ એ કાર્ય આગળ ધપાવવા માટે આવી પવિત્ર ઘટના રચાઈ અને ૧૯૧૪ પછીનાં આવનારા માનવજાતનાં સમય માટેનું સુસંકલન થયું. ફરી પાછો એક મહાન યજ્ઞ આરંભાયો, વિકાસ ક્રમમાં એક મોટા કૂદકા લગાવવાની તૈયારી થઈ ! આમ, સ્થૂળ જગતમાં જાણે મોટા ભાગનાં લોકોને માહિતી ન હોય પરંતુ સૂક્ષ્મ જગતમાં તા.૨૯ મી માર્ચ ૧૯૧૪ પૃથ્વીનાં માનવજાતનાં ઈશ્વર પ્રતિ આરોહણમાં પુષ્કળ મહત્વ ધરાવે છે. આ પવિત્ર ઘટના બાદ શ્રી અરવિંદ અને શ્રી માતાજીએ આપેલાં સંદેશાઓ જોઈએ.''જગતમાં ભલે હજારો લોકો અજ્ઞાનમાં ડૂબેલાં હોય, એની ચિંતા નથી. ગઈકાલે અમને જેનું દર્શન થયું તે પૃથ્વી ઉપર છે.

(અનુ. પાના નં.૧૭ ઉપર)

# માનવવિકાસ ચક્ર

પ્રકરણ - ૧

## ભૂમિકા

ડૉ.શ્રી કે.કે.ખખ્ખર

(આ સાથે શ્રી અરવિંદના 'માનવ વિકાસચક્ર' પુસ્તકનો પરિચય અમારા કેન્દ્રનાં એક અભ્યાસુ સાધક દ્વારા આપવાનો પ્રયત્ન છે. ભાવિ માનવ વિકાસની દિશા જાણી તે અનુસાર જીવનને ઢાળવું એ પ્રભુના સંકલ્પાનુસાર જીવનને દિશા આપવા જેવું યોગિક કાર્ય જ છે- તંત્રી)

આધ્યાત્મિક આદેશને અનુસરીને શ્રી અરવિંદ સક્રિય રાજકારણ છોડીને ૧૯૧૦ની ૪ થી એપ્રિલે તે સમયના ફ્રેંચ સંસ્થાન પોંડિચેરી આવ્યા. અહીં તેઓ યોગસાધનામાં પ્રવૃત થયા. તેમની સાથે ગણ્યા - ગાઠ્યા સાથી મિત્રો હતા. તેમને મળવા આવનારાઓની સંખ્યા પણ જૂજ હતી. વળી, તેઓ કેટલાક મુલાકાતીઓને જ મળતા. શ્રી અરવિંદને માનવજાતિના ભાવિની સવિશેષ ચિંતા હતી. તેમના મનમાં વિચારોનો ધોધ વહી રહ્યો હતો. આ વિચાર-પ્રવાહને શબ્દ દેહે વહેતો કરવા તેમણે ૧૯૧૪ની ૧૫મી ઓગષ્ટે 'આર્ય' સામયિકનું પ્રકાશન હાથ ધર્યું અને લગભગ એકલાહાથે સાડા છ વર્ષ સુધી તેનું સંચાલન કર્યું.

શ્રી અરવિંદે 'આર્ય' ના ઉદ્દેશો નક્કી કરી આપ્યા. તદ્અનુસાર તેમણે વેદો, ઉપનિષદો, ગીતા, દર્શનશાસ્ત્ર, સાહિત્ય, કવિતા તેમજ સામાજિક અને રાજકીય વિષયો સંબંધી સંખ્યાબંધ લેખો લખ્યા. પછીથી તેમના આ લખાણોમાં સુધારા વધારા થયા અને ગ્રંથો સ્વરૂપે પ્રકાશિત થયા. આમ, શ્રી અરવિંદ સાહિત્યના અનેક જગપ્રસિદ્ધ ગ્રંથો પ્રથમ 'આર્ય'માં હપ્તાવાર પ્રકાશિત થયા હતા. આમાંનો એક ગ્રંથ 'માનવવિકાસ ચક્ર' (ધી હ્યુમન સાયકલ) નામે પ્રસિદ્ધ છે.

માનવવિકાસ ચક્રનું પૂરોગામી શિર્ષક હતું સામાજિક વિકાસનું મનોવિજ્ઞાન. (ધી સાયકોલોજી ઓફ સોસીએલ ડેવલપમેન્ટ) તેનું આર્યમાં હપ્તાવાર પ્રકાશન ઓગષ્ટ ૧૯૧૬થી જૂલાઈ ૧૯૧૮ વચ્ચે થયેલું. કેટલાક સુધારા-વધારા સાથે ૧૯૪૯માં આ શ્રેણિ માનવવિકાસ ચક્ર નામે ગ્રંથસ્થ થઈ.

મૂળ અંગ્રેજીમાં પ્રકાશિત ધી હ્યુમન સાયકલનો ગુજરાતી અનુવાદ માનવવિકાસ ચક્ર નામે શ્રી હરસિદ્ધભાઈ જોશીએ કર્યો છે. જે શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરીમાંથી મેળવી શકાય છે.

**'આર્ય'ની યોજના**

શ્રી અરવિંદે 'આર્ય' સામયિકની સમગ્ર યોજના ઘડી કાઢી હતી. આ અંગે તેમણે લખ્યું છે કે 'આર્ય' દ્વારા આપણો હેતુ એવું સમન્વયકારી તત્ત્વજ્ઞાન ઘડી કાઢવાનો છે, જે આપણી સમક્ષઉભરી રહેલા નૂતન-યુગના પડકારોને સમજાવી શકે અને તેના ઉકેલ માટેના વિચારમાં પોતાનું પ્રદાન કરી શકે.

શ્રી અરવિંદે 'આર્ય' દ્વારા પૂર્વના વિચાર મુજબના આત્માના સત્ય અને પશ્ચિમના વિચાર અનુસારના જીવનના સત્ય વચ્ચેના સમન્વયને સમજાવવાનું કાર્ય કર્યું. શ્રી અરવિંદે જણાવ્યું કે આ બન્ને સત્યો હમણાં સુધી પરસ્પરનો ભારે વિરોધ કરતા હતા. પરંતુ હવે તેઓના વલણમાં બદલાવ આવ્યો છે. પશ્ચિમનો વિચાર પૂર્વના આત્માના સત્ય તરફ રહ્યો છે. 'આર્ય'માં શ્રી અરવિંદે વિવિધ વિષયો સંબંધી જે લેખો લખ્યા તે દ્વારા પરસ્પરનો વિરોધ કરી રહેલા ઉપર્યુક્ત વિચારો વચ્ચેના ભેદને દૂર કરવાનું શક્ય બન્યું. શ્રી અરવિંદે સમજાવ્યું કે આત્મા એ માનવજાતિના અસ્તિત્વનું મૂળ સત્ય છે. જ્યારે જીવન આ સત્યનો આવિષ્કાર છે. તેમણે વધુમાં સ્પષ્ટ કરી બતાવ્યું કે જીવનના જે કંઈ બાહ્ય સ્વરૂપો દેખાય છે. તે તો આત્મા પરના આવરણો માત્ર છે. સાથો સાથ, આ આવરણો આત્માના આવિષ્કાર માટેના સાધનો પણ છે તેમ તેમણે ઉમેર્યું. 'આર્ય'ના લેખોએ એમ સમજાવ્યું કે આ તમામ આવરણો ચેતનાના જ અંશ બની અદૃશ્ય થઈ જાય ત્યાં સુધી મનુષ્યે વિકાસ પામવાનું છે.

**'આર્ય'નો કેન્દ્રવર્તી વિચાર**

'આર્ય'માં રજૂ થયેલા તત્ત્વજ્ઞાનનો કેન્દ્રવર્તી વિચાર એટલે મનુષ્યનો દિવ્યતામાં સંપૂર્ણ વિકાસ. આ દિશામાં શ્રી અરવિંદના બહુપ્રતિષ્ઠિત ગ્રંથ 'દિવ્યજીવન' (ધી લાઈફ ડીવાઈન) અંતર્ગત વ્યક્તિગત જીવનની દિવ્યતામાં રૂપાંતરની ચર્ચા કરવામાં આવી છે. જ્યારે સામાજિક જીવનની દિવ્યતામાં રૂપાંતરની ચર્ચા 'માનવવિકાસ ચક્ર' અંતર્ગત કરવામાં આવી છે. 'દિવ્ય જીવન'ની સાથે 'યોગ-સમન્વય' (સીન્થેસીસ ઓફ યોગ) અને 'માનવવિકાસ ચક્ર'ની સાથે 'માનવ એકતાનો આદર્શ' (ધી આઈડીયલ ઓફ હ્યુમન યુનિટી) વાંચવાથી શ્રી અરવિંદે સિદ્ધ કરેલા સમન્વયકારી તત્ત્વજ્ઞાનના મહાકાર્યનો

પરિચય મળી રહે છે.

### 'આર્ય'ની યોજનામાં 'માનવવિકાસ ચક્ર'નું સ્થાન

શ્રી અરવિંદના સમન્વયકારી તત્ત્વજ્ઞાનની યોજના પ્રથમ 'આર્ય' સામયિકની યોજના સ્વરૂપે બહાર આવી. આ યોજનાએ એમ સ્પષ્ટ કરી આપ્યું કે 'દિવ્યજીવન' અને 'યોગ-સમન્વય' દ્વારા વ્યક્તિગત ધોરણ થતા સ્વવિકાસની સમજૂતી મળી રહે છે અને 'માનવવિકાસ ચક્ર' અને 'માનવએકતા' જેવા ગ્રંથો દ્વારા સંપૂર્ણ સમાજ અને માનવજાતિના વિકાસનો પરિચય મળી રહે છે. મહત્ત્વની વાત એ છે કે 'દિવ્યજીવન' અને 'યોગ-સમન્વય'માં શ્રી અરવિંદે રજૂ કરેલા વ્યક્ગિત વિકાસના સત્યો દ્વારા સમગ્ર સમાજ અને માનવજાતિની ઉત્ક્રાંતિ પર શી અસરો નિપજે છે તે સમજવાનું સરળ બન્યું. આવી સમજૂતિ માટે શ્રી અરવિંદે 'માનવવિકાસ ચક્ર' અને 'માનવએકતાનો આદર્શ' જેવા ગ્રંથોની રચના કરી.

અહીં શ્રી અરવિંદે કરેલી એક સ્પષ્ટતા નોંધવી જરૂરી છે. તેમણે કહ્યું કે જે સિદ્ધાંતો અને નિયમો મનુષ્યના વ્યક્તિગત જીવનને સંચાલિત કરે છે, તે જ સિદ્ધાંતો અને નિયમો સમગ્ર સમાજના જીવન (સમાજ-પુરૂષ) ને પણ સંચાલિત કરે છે. ટૂંકમાં, વ્યક્તિ અને સમાજ બન્નેના માનવજાતિની ઉત્ક્રાંતિના ધ્યેયો એક સમાન જ છે.

આમ, આર્ય સામયિકની યોજના દ્વારા વ્યક્ત થયેલા શ્રી અરવિંદના સમન્વયકારી તત્ત્વજ્ઞાન અંતર્ગત દિવ્યજીવન, યોગ-સમન્વય, માનવવિકાસ ચક્ર તથા માનવ એકતાનો આદર્શ, ઈત્યાદિ પરસ્પર પૂરક છે અને શ્રી અરવિંદ દ્વારા પ્રબોધિત વ્યક્તિગત તથા સામાજિક વિકાસની ફિલસૂફીના આધાર સ્થંભો પણ છે.

એક અન્ય મુદ્દો પણ થોડી સ્પષ્ટતા માગે છે. ક્યાંક એવો ભય વ્યક્ત થયો છે કે 'દિવ્ય-જીવન' અંતર્ગત શ્રી અરવિંદે વ્યક્તિગત જીવનના સંદર્ભમાં આપેલી સર્વગ્રાહી સમજણની તુલનામાં 'માનવવિકાસ ચક્ર' દ્વારા આપવામાં આવેલી સામાજિક વિકાસની સમજણ અપૂરતી છે. પરંતુ શ્રી અરવિંદના સમગ્ર દર્શનને તપાસતા જણાય છે કે તેમને મન વ્યક્તિના પૂર્ણ વિકાસનું મહત્ત્વ જરાપણ ઓછું નથી. તેમણે એમ સ્પષ્ટ કર્યું છે કે સામજિક વિકાસની પરિપૂર્ણતાની પૂર્વ શરત વ્યક્તિગત વિકાસની પરિપૂર્ણતા છે. આથી વ્યક્તિને

(અનુ. પાના નં.૩૧ ઉપર)

# વિજ્ઞાન અને અધ્યાત્મ

પ્રકરણ - ૨

## વિજ્ઞાનની આગેકૂચ

આપણે એકવીસમી સદીમાં જીવીએ છીએ. ગત વીસમી સદીમાં વિજ્ઞાને ખૂબજ ઝડપી પ્રગતિ કરી. વિશેષતઃ ૧૯૩૦ પછી તેમાં પણ આઈન્સ્ટાઈનનાં સાપેક્ષવાદે વિશ્વવિજ્ઞાનમાં ક્રાંતિ લાવી. તો ક્વોન્ટમ સિદ્ધાંતે પરમાણુ વિજ્ઞાનમાં. આમ Micro and Macro બન્ને કક્ષાએ ક્રાંતિ થઈ.

ન્યુટન વખતે ગતિની બાબતમાં બંદુકમાંથી છુટેલી ગોળીની ગતિની પદ્ધતિ અને પાણીનાં તરંગની ગતિની પદ્ધતિ જુદી ગણાતી હતી. એક સીધી લીટીમાં પ્રવાસ કરે છે, બીજી વક્ર ગતિમાં પણ કવોન્ટમ સિદ્ધાંતે ઘોષણા કરી કે અણુ જે ખરેખર બંદુકના ગોળી જેવો જ એકમ છે. તે તરંગની ગતિ મુજબ વક્રગતિથી પ્રવાસ કરે છે. બધી જ ગતિ સ્પંદન સ્વરૂપની છે, લહેર સ્વરૂપની છે, એવું સત્ય આગળ આવ્યું.આઈન્સ્ટાઈને પ્રથમ સ્પેશિયલ રીલેટીવીટીનો સિદ્ધાંત મુકેલો. જેમાં દરેક વસ્તુ સાપેક્ષ છે. એમ જણાવેલું. સ્પેસ અને ટાઈમ પણ (અંતર અને સમય) સાપેક્ષ છે. આઈન્સ્ટાઈને ન્યૂટન જેમ માનતો હતો કે જગત ત્રિમિતિક (થ્રી ડાયમેન્શનલ) છે, તેમ ન હોઈને તેમાં સ્થળ-કાળનું ચોથું પરિમાણ ઊમેરી જગત ચતુર્મિતિક (ફોર ડાયમેન્શનલ) છે એમ જણાવ્યું.

તે પછી આઈન્સ્ટાઈનને લાગ્યું કે ગુરૂત્વાકર્ષણનો જે શોધ ન્યૂટને કર્યો છે તેનું સ્પષ્ટિકરણ શું ? તેનું સ્પષ્ટીકરણ પોતાના સાપેક્ષતાવાદમાં આપવા તેમણે જનરલ થીયરી ઓફ રીલેટીવીટીનો સિદ્ધાંત આગળ લાવ્યો. તેમાં દર્શાવ્યું કે આ જગતની રચના ગુરૂત્વાકર્ષણના પ્રભાવને લીધે જ જેવી દેખાય છે તેવી થએલી છે.

ત્યાં પ્રશ્ન આવ્યો કે શક્તિનાં ચાર સ્વરૂપો છે. ગુરૂત્વાકર્ષણ શક્તિ, વિદ્યુતશક્તિ, ચુંબકત્વ શક્તિ અને અણુશક્તિ. તેમાંથી ગુહ્નત્વાકર્ષણનું સ્પષ્ટિકરણ અપાયું. બાકીના ત્રણનું શું ? તેનો જવાબ આઈન્સ્ટાઈને આપ્યો કે વિદ્યુત, ચુંબકત્વ અને અણુ આ ત્રણે શક્તિ સ્વરૂપો પ્રકાશમાંથી નિર્માણ થાય છે

અને તેથી પ્રકાશ સ્વરૂપ છે આને જ ગ્રેટ યુનિફાઈંગ થિયરી ઓફ રીલેટીવીટી કહે છે.

આના આધારે ગત વીસમી સદીની શરૂઆતમાં જ એક્ષ-રે તથા પરમાણુના ઘટક તરીકેના ઈલેક્ટ્રોન્સની શોધ થઈ. તે જ વખતે માર્કસ પ્લાન્કે પ્રકાશના તરંગોમાં પ્રકાશનાં કણો છે એ કવોન્ટમ સિદ્ધાંત મૂક્યો તેના આધારે ૧૯૦૫માં આઈન્સ્ટાઈને સાપેક્ષતાવાદ મુક્યો કે જડદ્રવ્ય અને તેની શક્તિ જુદા નથી પણ એક બીજામાં રૂપાંતરિત થાય છે અને તેથી શક્તિસંચય તો યથાવત્ રહે છે. ($E = MC^2$)

ગુરૂત્વાકર્ષણના વિશેષ અભ્યાસથી વિશ્વવિજ્ઞાનમાં ઘણી શોધો થઈ. વિસ્ફોટવાદ (Big Bang) સુપરનોવા ઘટના, બ્લેકહોલ (singularity) ફાયરબાલ (Naked Singularity) તારા વિશ્વમાંની ઘટનાઓના સ્પષ્ટીકરણો મળવા લાગ્યાં.

વિસ્ફોટવાદ જણાવે છે કે પ્રથમ અવકાશમાં એક અતિભવ્ય અને અતિવિશાળ ગેસનું વાદળ હતું. તે સંકોચાવા લાગ્યું. તેથી તેના ગર્ભમાંના ગેસ ઉપર દબાણ વધતા તેમાં પ્રજ્વલન પ્રક્રિયા શરૂ થઈ. તેમાંથી તારા પ્રકાશવા લાગ્યા પણ અતિ સંકોચનથી જે મહાસ્ફોટ થયો અને તે ગેસનું વાદળું આજુબાજુ ફેલાયું તેથી આકાશગંગાઓ, તારા વિશ્વો તૈયાર થયા અને ફેલાતું બ્રહ્માંડ અસ્તિત્વમાં આવ્યું.

જે તારાનું બળતણ ખલાસ થયું તે બ્લેક હોલ બની ગયો. જેમાં અતિદબાણને લીધે સ્ફોટ થયો તે ફાયર બોલ બની ગયો. બ્લેક હોલ અથવા ફાયરબોલ બનવાની પ્રક્રિયાને જ સુપરનોવા કહે છે.

કવોન્ટમ - સિદ્ધાંતના આધારે જ કોમ્પ્યુટર વિકસ્યાં, રોબોટ વિકસ્યાં, અણુ-વિભાજન કરી બોંબ બનાવ્યાં, સંદેશ વ્યવહારનાં સાધનો વિકસ્યા. ઉપગ્રહો તરતા છોડાયા. તે ગુરૂત્વાકર્ષણના નિયમોને આધિન.

આવી રીતે વીસમી સદીમાં ઈલેક્ટ્રોનિકસે રાજ કર્યું પણ એકવીસમી સદીમાં 'ફોટોનિકસ' રાજ કરશે. પ્રકાશના કણને ફોટોન્સ કહે છે. તેનું શાસ્ત્ર તે ફોટોનિકસ્.

જીવ - વિજ્ઞાને પણ ગત સદીમાં સારી એવી પ્રગતિ કરી 'નેનોમશાસ્ત્ર'

(અનુ. પાના નં.૪૩ ઉપર)

# અરવિંદોપનિષદ

પ્રકરણ - ૧૪

## કેવલ બ્રહ્મ

**સ નિર્ગુણો ગુણાન્-ધત્તે। સુગુણોડનંતગુણો।**
**નિર્ગુણત્વૈ ભુંકતે। સ્વયંગ્વાતિવર્તતે।**
**નિર્ગુણત્વં ચ સગુણત્વં ચ। ન નિર્ગુણો। નગુણી। કેવલ એવ યઃ॥**

તે નિર્ગુણ બ્રહ્મતત્વ ગુણોને ધારણ કરતું થાય છે. તે સગુણ અને અનંતગુણો ધારણ કરીને પણ નિર્ગુણતાનો આનંદ ભોગવે છે. તે પોતાની જ પેલેપાર જાય છે. નિર્ગુણતાની અને સગુણતાની પણ. તે નથી નિર્ગુણી, નથી સગુણી ફક્ત કેવલ સ્વરૂપે છે. (તત્વ પોતાની સ્વલીન અવસ્થામાં નિર્ગુણ સ્વરૂપ બની રહે છે પણ તેનો અર્થ એવો નથી કે તેણે અવ્યક્તરૂપે, સૂક્ષ્મરૂપે, બીજરૂપે વિવિધ ગુણધર્મોને ધારણ પણ કરી રાખેલાં નથી.

જગતમાં જે કાંઈ છે તે તેણે અવ્યક્ત સ્વરૂપોમાં ધારણ કરી જ રાખેલાં હોય છે. પાછળથી વ્યક્ત થનારું કાર્ય સ્વરૂપ જગત તેણે બીજ રૂપે ધારણ કરેલું જ હોય છે. આને જ સત્કાર્યવાદ કહે છે. ગીતામાં કહ્યું તેમ અસત્‌માંથી સત નિર્માણ થઈ જ શકતું નથી. (નાસતો વિદ્યતે ભાવો-ગીતા) શંકરાચાર્યે એ ભૂમિકા લીધેલી કે બીજરૂપે પણ બ્રહ્મતત્વમાં ગુણો રહેતા નથી. તેથી જ જગતની ઉત્પત્તિનું સ્પષ્ટિકરણ આપવા માટે તેમને માયાવાદ જેને વેદાંતમાં વિવર્તવાદ અથવા ભ્રમ મિથ્યા કહે છે, તે સ્વીકારવો પડયો. તેના જેવી જ ભૂમિકા શ્રી અરવિંદે લીધેલી નથી. તેઓ જગતને પણ સત્ય જ ગણે છે કારણ તે પણ અંતે તો બ્રહ્મ જ છે.

તો પછી શ્રી અરવિંદનો નિર્ગુણ કહેવાનો અર્થ શું છે ? તે આગળના વાક્યમાં જણાવવામાં આવે છે. તેમાં અનંત ગુણો બીજ સ્વરૂપે, અવ્યક્ત સ્વરૂપે હોવા છતાં તે તે ગુણોમાં બંધાતો નથી પણ તેમનાથી મુક્ત જ રહે છે. આ તેની નિર્લેપતા, અવિકારીતાને લીધે જ તેને ગુણાતીતાનો અનુભવ આવતો હોય છે. જે ખરેખર નિર્ગુણતાનો જ અનુભવ છે. શ્રી અરવિંદના મતે સગુણ ચેતના પણ ગુણાતીત અવસ્થા પ્રાપ્ત કરીને નિર્ગુણતા અથવા ગુણોમાંથી મુક્તિ ભોગવી શકે છે.

નિર્લેપતા અથવા અસંગતા એ આંતરિક ચેતનાની અવસ્થા છે. તેનો આધાર બાહ્ય અવસ્થા ઉપર નથી. બાહ્ય દેખાવ ઉપર નથી. બહારથી તે ગુણવાન, સક્રિય, સીમિત લાગતો હોય છતાં આ ગુણધર્મોથી તેની ચેતના તદ્દન મુક્ત હોય છે. તેથી તે નથી નિર્ગુણી કે નથી સગુણી પણ તે બાહ્ય નિર્ગુણતા કે સગુણતાની સ્થિતિમાં પણ પોતે ફક્ત પરમ ચેતના સ્વરૂપ જ બની રહે છે. જેમાં જ્ઞાન, જ્ઞેય, જ્ઞાતાની ત્રિપુટી ભેદ નથી પણ બધા સાથેની એકરૂપતા જ છે અને તેથી ત્યાં તેના સિવાય કાંઈ નથી તે એક જ કેવળ છે. કૈવલ્યની સંકલ્પનામાં વિવિધતામાં પણ એકતાનો ભાવ હોય છે. તેમાં અનેકતામાં પણ એકતાનો ભાવ હોય છે. તેમાં એક રીતે વિવિધતા દેખાય છે. બીજી રીતે એકતા જ દેખાય છે. સોનાના ઘરેણાં આકારની દ્રષ્ટિએ વિવિધ હોય છે. પણ દ્રવ્યની દ્રષ્ટિએ, સોનાની દ્રષ્ટિએ, તે કેવળ સોનું જ છે. તેમ બ્રહ્મ તત્વ અનેક આકાર, રંગરૂપ, ગુણધર્મો ધારણ કરે છતાં બ્રહ્મ તત્વ તરીકે તે બધું જ છે. બ્રહ્મ તત્વ સિવાય કાંઈ નથી તે કેવળ બ્રહ્મ જ છે.

આ કેવળતાના સિદ્ધાંતને ચિદ્‌વિલાસ વાદ કહે છે. એક જ ચેતના વિવિધ રંગરૂપે વિલસી રહી છે. વેદો પણ જણાવે છે કે 'રૂપો રૂપો પ્રતિરૂપો બભૂવ' તે દરેક વ્યક્તિમાં અલગ અલગ રૂપે પ્રગટ થઈ રહ્યો છે. આ રીતે 'સર્વં ખલુ ઈદં બ્રહ્મ' ની અનુભૂતિ સદા માટે સ્થાયી રીતે અનુભવવી તેને જ કૈવલ્યની પ્રાપ્તિ થઈ એમ કહેવાય છે. કૈવલ્યમાં પ્રભુના આવિર્ભાવની ક્રિયા ચાલતી હોવા છતાં તે તો પોતાની મૂળ શુદ્ધ કેવળ ચેતનામાં જ લયલીન હોય છે. ગુણાતીત હોય છે.

---

(પાના નં.૨૭ ઉપરથી)

## માનવવિકાસ ચક્ર

સમાજથી આગળ મૂકવી જરૂરી છે. શ્રી અરવિંદના દર્શનશાસ્ત્રનો અંતિમ ઉદ્દેશ માત્ર વ્યક્તિગત નહીં પરંતુ સમગ્ર સમાજ અને માનવજાતિના પૂર્ણ વિકાસનો છે એ તેમણે અનેક સ્થળે સમજાવ્યું છે.

'માનવવિકાસ ચક્ર' અને 'માનવ એકતાનો આદર્શ' જેવા ગ્રંથોએ શ્રી અરવિંદને પ્રથમ હરોળના સામાજિક ફિલસૂફ તરીકે પ્રસ્થાપિત કરી આપ્યા છે. આ ગ્રંથો વર્તમાન સમયમાં માનવજાતિ સમક્ષ ઉત્ક્રાંતિ-વિષયક જે પડકારો છે તેને સમજવાની નવી જ દૃષ્ટિ આપે છે અને આધ્યાત્મિક સમાજની રચનાની દિશામાં વિચારવાની ફરજ પાડે છે. (ક્રમશઃ)

# સાવિત્રી-સાર

પ્રકરણ - ૮૦

A low..... costly prize
(Savitri B-1, C-2, P 30)

## અશ્વપતિ : મહામૂલું રતન

અશ્વપતિને આત્મદૃષ્ટિનાં ચમત્કાર પદે પદે દેખાઈ રહ્યાં હતાં. પણ આ બધા જ ચમત્કારોનો પણ શિરોમણી સમો ચમત્કાર તો હજી જોવાનો બાકી હતો.

સાધકને સાધના દરમિયાન સતત અનુભવ આવે છે કે તેનું અજ્ઞાન તેની ગેરસમજ કે અણસમજ તેની સાધનામાં વિક્ષેપ સર્જે છે. તેની સાધનાને વિરોધ કરે છે. તેને અવરોધે છે કે ઢીલ અને વિલંબમાં નાંખે છે. ઘણી વખત ગેરમાર્ગે કે આડરસ્તે ચડાવી દે છે. પણ અવચેતન અને અજ્ઞાન જો પોતાનો આ દિવ્યતા-વિરોધી સ્વભાવ છોડીને પરમ-ચેતનાને પ્રાર્થના કરતું થાય તો.....?

આજે અશ્વપતિને આ વણકલ્પેલી અનપેક્ષિત, આશ્ચર્યજનક અને સંભ્રમમાં નાખતી અનુભૂતિ આવી. અશ્વપતી તે વખતે પોતાની આત્મદૃષ્ટિમાં સ્થિર હતો. અસીમ ચેતનામાં તદ્રુપ બની ગયો હતો. એવી પ્રશાંતિની પળે તેને પોતાની અવચેતનની અંધારછાયી, ગૂઢલાગતી ગુફામાંથી ધીમો અને ઘેરો અવાજ પ્રતિધ્વનિત થવા લાગ્યો. અવાજ ખૂબજ ધીમો હતો. જાણે કોઈ સ્વગત બોલતું ન હોય. અવચેતન જે કોઈ વખત પોતાનો આત્મવિશ્વાસ ગુમાવતું નહોતું તે આજે ડગી ગયું હતું. પોતાનો આત્મવિશ્વાસ ખોઈ બેઠું હતું. સદા રમત વાતમાં સાધનાને વેરવિખેર કરી નાખતું અવચેતન અશ્વપતીની આત્મદૃષ્ટિની પ્રબળતા સામે હચમચી ઊઠયું હતું. અવચેતનને સાધક ડરી જાય, સંકોચાઈ જાય, હેબતાઈ જાય ગભરાઈને ધ્રૂજી ઊઠે આવા દૃશ્યો તો ચિરપરિચિત હતાં. પણ અવચેતન પણ આત્માનું જ સ્વરૂપ છે એવી પ્રેમાર્દ દૃષ્ટિનો, આત્મિયતાનો સામનો કેમ કરવો તે અવચેતન જાણતું નહોતું. તેને માટે આ પ્રસંગ અનપેક્ષિત હતો. બુદ્ધિમાં ઉતરે તેવો નહોતો. સાધક અવચેતનને શત્રુ ગણે, તેથી તો અવચેતનને તેને વાંકા વાળી દેવામાં મજા આવતી. તેને લાચાર, બિચારો કરી મૂકવામાં ગંમત લાગતી, પણ આ આત્મિયદૃષ્ટિ પ્રેમાર્દ બની પ્રેમથી તેની તરફ

જોય છે એવી ભાવના અને વલણનો સામનો કેમ કરવો એની અવચેતનને પણ સમજણ પડતી નહોતી.

અને તેથી જ તેનો આત્મવિશ્વાસ ડગી ગયો હતો અને તેની વાણી જાણે, અચકાઈ ગઈ હતી, થોથવાતી હતી, માંડ માંડ ભાંગ્યા તૂટ્યાં શબ્દો બહાર પડતાં હતાં. આશ્ચર્યની વાત તો તેથી પણ આગળની છે. આવી સ્થિતિ ફક્ત અવચેતનની જ નહોતી પણ તેમાં અચેતન અને અજ્ઞાન પણ સહભાગી થઈ ગયાં હતાં. આ તો જાણે અદિવ્યતત્વોની સામુદાયિક શરણાગતી હતી. આ જ તો આત્મદૃષ્ટિના પરિણામોનો સુવર્ણકલશ હતો. મૂળભૂત આદિ અજ્ઞાન પણ આમાં સામેલ હતું. શ્રી અરવિંદ જણાવે છે કે -

A low muttering rose from the subconscient caves,
The stammer of the primal ignorance;

અચેતન અને અવચેતનનું આ સ્વગત ભૌતિક શબ્દોમાં પ્રગટ નહોતું થયું. પણ તે અવચેતન અને અચેતનની અંદર ચાલતી ગડમથલ હતી. ગૂંગળામણ હતી, સંભ્રમાવસ્થામાં બોલાએલું સ્વગત હતું અને તે સ્વગતમાં જે પ્રશ્ન અને સમસ્યા અવચેતન અને અચેતને પ્રગટ કરેલી તેને એક તાત્કાલિક જવાબ મળ્યો. તે જવાબ જાણે વીજળી પડે તેવી તીવ્ર ગતિથી નીચે ઘસી આવેલો. તે વજ્રપાત જેવો ભીષણ અને ભયંકર અવચેતન અને અચેતનને લાગ્યો. વિજળીની વેગે તે જાણે નીચે ઘસી આવ્યો હતો. અને તે જાણે એક પ્રકાશમય, ઉત્સ્ફૂર્ત દિવ્ય સ્તોત્ર જેવો હતો પણ અનિવર્ચનીય તત્વ માટેનું તે સ્તુતિ-ગાન હતું. પેલા 'તદ્' પ્રત્યે ભય કે પ્રેમથી પ્રગટેલો આર્વિભાવ હતો. કાકલુદી હતી, પ્રાર્થના હતી, અરજ હતી, નમ્ર વિનંતી હતી.

અશ્વપતિને તો તે પરા-ચેતન પ્રકાશનું વિજય-ગાન લાગ્યું. તેનાં વિજયોત્સ્વનું મહિમા-ગાન લાગ્યું. પરા-ચેતનાની સર્વ-શક્તિમત્તાનું પ્રશસ્તિ-ગીત લાગ્યું. તેથી શ્રી અરવિંદ લખે છે કે

Answer to that inarticulate questioning,
There stooped with lightening neck and thunder's wings
A radient hymn to the Inexpressible
And the anthem of the superconscient light.

તે પરા-ચેતનાના પ્રકાશમાં તે અતિમનસ પ્રકાશમાં, પ્રભુનાં બધાં જ સંકલ્પો વિનાવરોધે પ્રગટ થાય છે. ત્યાં પ્રગટ થવા માટેનો સંઘર્ષ નથી. ત્યાં છે પૂર્ણ

સંવાદિતા અને તેથી પ્રભુનો દરેક સંકલ્પ પૂર્ણરૂપે પ્રગટ થએલો હોય છે. તે સંકલ્પો એટલાં દિવ્ય- અને ભવ્ય હોય છે કે તેઓ ઉત્ક્રાંતિનાં આજના તબક્કામાં પ્રગટ થવાજ શક્ય નથી. ભવિષ્યમાં જ્યારે યોગ્ય તબક્કો હાસલ કરશે ત્યારે કદાચિત આ ભૌતિક સ્તરે પ્રગટ થશે. હાલ તો અશક્ય વસ્તુ છે.

ત્યાં પ્રભુનાં સપનાં જે દર્શનો રચે છે તે સત્ય અને વાસ્તવિક બનાવાની સો એ સો ટકા ક્ષમતા ધરાવતા હોવા છતાં આજના તબક્કે તે આપણને કોઈ અદ્‌ભૂત દંતકથા સમાન લાગે છે. અથવા તે એવા ગૂઢ પ્રતીકો લાગે છે જે ખરેખર વાસ્તવિક હકીકત કરતાં પણ વધારે સાચા ખાતરીલાયક પૂરાવા યોગ્ય અને વાસ્તવિક હોય છે અથવા એવા સત્યો લાગે છે જેની ઉપર અપાર્થિવ તત્વે પોતાની સંમતિનો સિક્કો માર્યો હોય અને જેને અંતીમ સત્ય ગણાવી શકાય. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે

All was revealed there none can here express;
Vision and dream were fables spoken by truth
Or symbols more veridical than facts,
Or were truths enforced by supernatural seals.

અશ્વપતિનો આત્મદૃષ્ટિનો અભ્યાસ એટલો વધી ગયો હતો કે તેની આંખો સામેથી અમર અને અસીમ તત્વ ખસતું જ નહોતું. જાણે અમરતાએ તેની આંખોમાં ધામા ન નાખ્યા હોય ! ઘણી વખત અન્ય સૂક્ષ્મ અને દિવ્ય-જગતોનાં આત્માઓ અશ્વપતિ સામે પ્રગટ થતાં, તેની સાથે વાત કરતાં કારણ અશ્વપતિની ચેતના એ વખતે તેમના લોકમાં પહોંચી ગએલી રહેતી. આવા આત્માઓમાં ઘણી વખત ભૂતકાળમાં આ પૃથ્વિ ઉપર જન્મીને મહાન કાર્યો કરી અમર-કીર્તિ મેળવી દેહ-ત્યાગ કરેલી વ્યક્તિઓ પણ આવતી. આપણે તેમને મૃત સમજીએ છીએ પણ તેઓએ તો પોતાની ચેતનાનો વિકાસ કરીને અમરતાને પ્રાપ્ત કરેલી હોય છે અને કોઈ ઊર્ધ્વ પ્રદેશનાં નાગરિક બની ગયાં હોય છે. ત્યાં તો તેઓ સનાતન-કાળ સુધી જીવવાનાં હોય છે. તેઓએ પોતાને જન્મ - મરણનાં ચક્રમાંથી મુક્ત કરી લીધેલાં હોય છે અને પોતાની આધ્યાત્મિક-મહત્તામાં જીવતા હોય છે. તેમણે પોતાનું સ્વતંત્ર જીવન એ માટે ધારણ કરી રાખેલું હોય છે કે તેઓ પેલું શબ્દાતીત જ્ઞાન લોકોને આપી શકે. તેમને પ્રભુના માર્ગે વાળી શકે અને તે દ્વારા પ્રભુની સેવામાં રહે. શ્રી અરવિંદ લખે છે કે

Immortal eyes approached and looked in his,

And beings of many kingdoms neared and spoke:
The ever-living whom we name as dead
Could leave their glory beyond death and birth
To utter the wisdom which exceeds all phrase:

અશ્વપતિનું જીવન હવે બધાને જ બહુમૂલ્ય બની ગયું હતું. સત્યનાં દેવો અને અસત્યનાં અસૂરો બન્ને આપણી બુદ્ધિના ન્યાયધીશ સામે માગણીની અરજી-દાખલ કરીને પોત પોતાનો કેસ ખૂબજ કુશળતાથી અને આવેગથી લડતા હતાં. પોતે કેવી રીતે સાચા છે અને સામેનો પક્ષ કેવો ખોટો છે, એના વિવિધ કારણો આપતા હતાં આશ્ચર્યતો એ છે કે બન્ને પક્ષો પોતાને પ્રભુની બાજુએ છે એવો જ ભાવ ધરાવતા હતાં અને પોતે જ પ્રભુના સાચા પ્રતિનિધિ છે એવો દાવો કરતા હતા.

બન્ને પક્ષો અશ્વપતિના આત્માને હસ્તગત કરવા લડી રહ્યાં હતા. પ્રકાશનાં દેવો અને અંધકારના પુત્રો બન્નેને અશ્વપતિ મહામૂલ રતન લાગતું હતું. કારણ તેમને લાગતુ હતું કે અશ્વપતિ પાછળ પ્રભુ દોડતા આવશે જ. જેમ વાછરડા પાછળ ગાય દોડતી આવે તેમ. અશ્વપતિ દ્વારા તેઓ પ્રભુને પોતાના પક્ષે લેવા માગતા હતા અને જ્યાં પ્રભુ હોય ત્યાં શ્રી અને વિજય તો નિશ્ચિત છે જ. તેથી બન્નેને અશ્વપતિ એટલે તેમના વિજયનું નિશ્ચિત ચલણી નાણું લાગતું હતું. ગીફટ-કુપન લાગતું હતું. શ્રી અરવિંદ લખે છે કે

The kings of evil and the kings of good,
Appellants at the reason's judgement seat.
Proclaimed the gospel of their opposites,
And all believed them selved spokesman of god:
The gods of light and titans of the dark
Battled for his soul as for a costly prize.

અશ્વપતિના આત્માને દેવો અસૂરોએ અનન્ય ગણવો એજ આત્મદૃષ્ટિની કલ્પનાતીત ક્ષમતા અને પરિણામોનો ઊંચે ચડતૌ ઈન્ડેક્ષ ગણી શકાય.

આ છે આત્મદૃષ્ટિની અનન્યતા !

# પત્રોત્તર

## અતિમનસ - ઉત્ક્રાંતિ

### પ્રકરણ - ૪

## રૂપાંતર : એકજ માર્ગ

(યોગ વિષે પત્રો. ભા.૧ - પેજ ૩૧ થી ૩૯)

પ્રભુને અનંતરૂપે સાકાર થવું હતું કારણ પોતામાં રહેલ ગુપ્ત - શક્યતાઓ અને ક્ષમતાઓને પ્રગટ કરવી હતી. આ સ્વ - પ્રગટીકરણની પ્રક્રિયા છે.

અનંતરૂપે પ્રગટ કરવા માટે અલગતાનું તત્વ રચવું આવશ્યક બન્યું. અલગ વિશિષ્ટ સ્વરૂપ રચવા આ જરૂરી હતું. આ આંતરિક - આવશ્યકતાને કારણે અહંકારનો આવિર્ભાવ થયો. અહંકારે પોતે જ આવિર્ભાવ અને પ્રગટીકરણનાં કેન્દ્રમાં રહી વિશિષ્ટ આવિર્ભાવ રચવાનો પ્રયત્ન આરંભ્યો શરૂઆતમાં અહંકારનો ભાવ એ હતો કે પોતે અનંત - ચેતનાના મહાસાગરની એક સાકાર લહેર છે. અલગતા પણ પ્રભુની અખંડિતતા અને એકતામાંથી ધીમે ધીમે વિકાસ પામી છે. પ્રથમ તાદાત્મ્યભાવ હતો હતો. એકરૂપતા હતી. તેમાંથી વિવિધતા પ્રગટ થતા અંશ અને અંશી જેવો ઉપરોક્ત ભાવ રચાયો. આ ભાવમાં હજી પરમ-ચેતના સાથેનો તાદાત્મ્યભાવ પાર્શ્વભૂમિમાં અકબંધ હતો. ફક્ત આવિર્ભાવની પ્રક્રિયામાં જ વિવિધતા આવી હતી. પણ અલગતા આવી નહોતી. પરંતુ આવિર્ભાવની પ્રક્રિયા ભૌતિક-સ્તરે પ્રવેશતા જ ધીમે ધીમે વિવિધતા કઠોર અલગતામાં પરિણમવા લાગી. આ કક્ષાએ અહંકારનો આવિર્ભાવ થયો છે અને સાથે સાથે અજ્ઞાન અને અવિદ્યાનો પણ ચંચુપાત અથવા પ્રક્ષેપ થયો છે.

હવે અહંકાર પોતાને પ્રભુનો અંશ ન માનતા પોતાને સ્વતંત્ર માનવા લાગે છે. પાર્શ્વભૂમિમાં રહેલ તાદાત્મ્યભાવ વધારે ઊંડે ઊતરી જાણે અદૃશ્ય થઈ જાય છે. તે અદૃશ્ય તાદાત્મ્યભાવ જ હવે અહંકાર દ્વારા પોતે પ્રગટ થવા માટે અંતઃપ્રજ્ઞા તરીકે કામ કરવા માંડે છે. તે પડદા પાછળનો સૂત્રધાર બની જાય છે. ગુપ્ત સંચાલક બની જાય છે. તે પોતાનું આવિર્ભાવ કેન્દ્ર રચે છે. જેને ચૈત્યપુરૂષ કહીએ છીએ.

ભૌતિક-કક્ષાના વિકાસ માટે આવી વ્યુહાત્મક - રચના જરૂરી હતી અને તેથી ઉત્ક્રાંતિમાં તેને ચલાવી લેવામાં આવી હતી.

પણ વિકાસનો તબક્કો મનના પણ ઊર્ધ્વ-કક્ષામાં પ્રવેશતા જ આ રચના નિરર્થક બની જવાની છે અને તેથી તે પોતાનું સત્ય ખોઈ બેસશે ત્યારે અહંકારની અલગતા એક અપ્રાકૃતિક રચના, એક વિકૃતિ તરીકે અનુભવાશે. અને તેથી તેના રૂપાંતરની પ્રક્રિયા જરૂરી બની જશે.

પરમ-પ્રભુએ પોતે અનંતરૂપો ધારણ કરેલાં છે. તે પૈકી અમુક ખૂબજ દિવ્ય-સ્વરૂપોનાં હોય છે. દરેક ધર્મે તેના આદ્યસંસ્થાપકે અથવા પ્રભાવી યોગીએ કરેલા આવા સ્વરૂપો પૈકી એક સ્વરૂપનો કે અનેક રૂપોને જ પ્રભુના નિશ્ચિત રૂપો માની તે રૂપો દિવ્ય-લોકમાં રહે છે એવી શ્રદ્ધા જાહેર કરેલી છે અને આ જગતનો તે સર્જનહાર છે એમ દર્શાવેલ છે. પણ આ માન્યતા એક અર્ધ સત્ય છે. પૂર્ણ સત્ય નીચે મુજબનું છે.

૧ પ્રભુના અનંતરૂપો છે. ગણ્યાં ગાઠ્યાં નથી.

૨ પ્રભુ ફક્ત દિવ્ય કક્ષાએ જ વસે છે, અન્યત્ર નહિં એ ભ્રમ છે પ્રભુ સર્વત્ર છે. જગતના આવિર્ભાવમાં પણ તે પોતાનો જ આવિર્ભાવ કરી રહ્યો છે. તેથી તે જગતથી અલગ પણ નથી.

૩ ઉત્ક્રાંતિના વિજયો અને પરાજયો, પ્રગતિ અને અધોગતિ, દુઃખ અને આનંદ આ બધુ જ પ્રભુ ભોગવી રહ્યાં છે. પણ તેમનો આ વસ્તુ તરફ - જોવાનો દૃષ્ટિકોણ ઉપર મુજબનો માનવી-કક્ષાનો નથી. પણ તેને માટે બધું જ આનંદમય છે નાટ્યકૃતિમાંનો સંઘર્ષ જેમ પ્રેક્ષક સહભાગી થઈ માણતો હોય તેવો આનંદમય છે. કરૂણાંત નાટકની વેદનામાં સહભાગી થતાં થતાં તેને માણી શકાય છે એ વાસ્તવિકતા છે. આવા પ્રભુના દૃષ્ટિકોણ અને ભાવને જ 'લીલા' કહેવામાં આવે છે. પ્રભુ તો અહર્નિશ પૂર્ણ પ્રકાશ, આનંદ અને શાંતિમાં જ હોય છે. અહિં પ્રભુ એટલે પરમ-ચેતના. આ પરમ-ચેતના જગતની ઉથલપાથલોથી અસ્પર્શ્ય જ છે.

તેથી જગતનો વિકાસક્રમ આટલો દુઃખદ શા માટે છે તેનો જવાબ માનવી-ચેતનાની કક્ષાએથી આપવો મુશ્કેલ છે. જગતનાં સર્જનનું બીજ માનવી-ચેતનામાં નથી પણ ઊર્ધ્વમાં રહેલ પરમ-ચેતનાના સંકલ્પમાં છે. માનવી-ચેતનાના ઉર્ધ્વમાં કે પાર્શ્વભૂમિમાં રહેલ પ્રભુ-સાથેની તાદાત્મ્યતા જેણે માનવથી અજ્ઞાત ક્ષેત્રમાં રહી ગૂઢ એવી અંત-પ્રજ્ઞા સ્વરૂપે જે વિકાસક્રમ ગોઠવેલો હોય છે, તેને માનવ સમજી શકતો નથી કારણ મન તેને સમગ્રતાથી જોઈ અને સમજી શકતું નથી. મન એકાગ્ર થયા વગર સમજી શકતું નથી અને એકાગ્રતામાં આપણે એક વિષય બાબત સભાન બનીએ છીએ, અને સમગ્રતાના ઈતર ભાગને તેથી અલગ કરીને પાર્શ્વભૂમિ તરીકે

ધકેલી દઈએ છીએ. આ ભેદ-બુદ્ધિ જ મનને સમગ્રતાનું દર્શન કરતા રોકે છે.

મનને એક જ રીતે આપણે સમજાવી શકીએ. જોખમ, સાહસ અને મુશ્કેલી પાર ઉતરવામાં પણ એક આનંદ રહેલો છે. પ્રભુ પોતે જ ઉત્ક્રાંતિ રૂપી વિઘ્ન-દોડ રચીને આનંદ લઈ રહ્યાં છે.

મનમાં પ્રવેશેલી અવિદ્યા કે અજ્ઞાન અર્થાંત સમગ્રતાનાં દર્શનનો અભાવ એ પણ પરમ-જ્ઞાનને વિરોધી નથી. પણ તેની જ અનંતતામાંનો એક ઉતરતી કક્ષાનો આવિર્ભાવ છે. અર્થાંત દિવ્ય-જ્ઞાનમાં આ બધું જ સંવાદમય અને વિવિધતાપૂર્ણ લીલા તરીકે અનુભવાય છે.

આ વિઘ્ન-દોડમાં પ્રભુ જ અવતાર અને વિભૂતિ બનીને અટવાતી ઉત્ક્રાંતિને વિઘ્નોમાંથી પાર ઊતારે છે. તે માટે વધસ્તંભે પણ તે જ ચડે છે અને વિજય પણ તે જ મેળવે છે.

સારાંશ પરમ-ચેતનાના પ્રદેશમાં પ્રવેશ્યા સિવાય આ પરમ-ચેતને આત્મ-સર્જન સ્વરૂપ ઉત્ક્રાંતિ શા માટે શરૂ કરી તે કોયડાને યોગ્ય અને અંતિમ જવાબ આપી શકાતો નથી. આપણી ચેતના જ્યારે શાશ્વત તત્વ કાળના પ્રવાહમાં પ્રવેશતું હોય છે તે સંગમ સ્થાને સ્થિર હોય છે ત્યારે જ ઉત્ક્રાંતિનાં સમગ્ર સત્યનું દર્શન કરી શકીએ છીએ. આ સંગમ સ્થાને પહોંચવું અથવા તેથી ઉર્ધ્વ-ચેતનાના પ્રદેશમાં જવું એને જ મુક્તિ, મોક્ષ કહે છે. આપણો કોયડો ત્યાં જ ઉકલી જાય છે. ત્યાં જ સંશયાતીત વિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. વિજ્ઞાનમય ચેતનામાં પ્રવેશ મળે છે. અતિમનસ - ચેતનાનો સાક્ષાત્કાર થાય છે.

આ વિજ્ઞાનમય - ચેતના ફક્ત જ્ઞાન નથી પણ શક્તિ સ્વરૂપ પણ છે. આ જ્ઞાન જ મુક્ત - કર્મ કરવાની ક્ષમતા અને શક્તિ નિર્માણ કરે છે. આ મુક્ત-કર્મ કરતી વખતે ઉત્ક્રાંતિનો સાચો હેતૂ અને સ્વરૂપ યોગી જાણતો હોવાથી તે સાચા અર્થમાં ઉત્ક્રાંતિને મદદ કરતો હોય છે.

પણ આમ હોવા છતાં તે યોગીની પ્રકૃતિની વિશેષતાઓ તેના કાર્ય-ક્ષેત્રને નિશ્ચિત કરતી હોય છે. પોતાની પ્રકૃતિની વિશિષ્ઠતા મુજબ યોગી ઉત્ક્રાંતિને પોતાની - ચેતનાની અમુક નિશ્ચિત કક્ષાએથી જ સહાયભૂત થાય છે. તેને તે કક્ષા કરતા વધારે સમર્થ બનવું હોય તો તે યોગીએ પણ પ્રકૃતિનું રૂપાંતર કરી ઊર્ધ્વકક્ષાની ચેતનાને તે રૂપાંતરિત પ્રકૃતિમાં સક્રિય કરવાની ક્ષમતા કેળવવી પડે છે.

આવા બધા જ યોગીઓનું કાર્ય વૈશ્વિક ચેતનાનાં બે ધ્રુવો વચ્ચે ચાલતું હોય

છે. એક ચેતના છે જે ગુપ્ત છે. પાર્શ્વભૂમિમાં અને ઊર્ધ્વમાં છે. પોતે પ્રકાશ, શાંતિ, શક્તિ અને આનંદ સ્વરૂપ છે. તે ઉર્ધ્વ-ધ્રુવ છે. બીજી ચેતના જડતા, અજ્ઞાન, દુઃખ ગ્રસ્ત લાગે છે. તે બાહ્ય ચેતના છે તે નિમ્ન ધ્રુવ છે. આ નિમ્ન-ચેતનામાં ઉર્ધ્વ-ચેતનાનો પ્રભાવ ઝીલવાની ક્ષમતા છે. તેનું કારણ એ છે કે આ નિમ્ન-ચેતના નીચે પેલી ઉર્ધ્વ ચેતના જ ગુપ્ત રીતે રહી આ ક્ષમતા વિકસાવતી હોય છે. નિમ્ન ચેતના તે ઊર્ધ્વ-ચેતનાના અસ્તિત્વ બાબત કે તેની ક્ષમતા બાબત કાંઈ જાણતી નથી. તેથી આ બન્ને ધ્રુવોની ચેતના વચ્ચે સંપર્ક અને સહકાર સ્થાપવા એક નવું તત્વ ઉમેરવું પડે છે અને તે છે શ્રદ્ધા.

ઉત્ક્રાંતિમાં ઉપર જણાવેલી બન્ને ધ્રુવની ચેતનાનું ગુપ્ત જોડાણ કરીને પ્રભુએ રાખેલ જ છે. તે છે ચૈત્યપુરૂષ અને તેને પ્રભુએ શ્રદ્ધાથી ભરપૂર કરી રાખેલ છે. 'શ્રદ્ધામયો યં પુરૂષઃ' આ ચૈત્યપુરૂષ શ્રદ્ધાથી સભર હોય છે. તેની સાથે બાહ્ય ચેતના સંપર્ક કરે તો આ બાહ્ય-ચેતનાને પણ શ્રદ્ધા પ્રાપ્ત થઈ શકે છે. અને ચૈત્યપુરૂષ સાથે સંપર્ક કરવાનો રાજમાર્ગ છે. અભીપ્સા, સમર્પણ અને પરિત્યાગ. બાહ્ય ચેતના શ્રદ્ધાથી ચૈત્યપુરૂષનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરે છે. આ છે અભીપ્સા. તે શ્રદ્ધામાં આવતા વિઘ્નો શંકા કુશંકાઓને વિવેકથી રોકવામાં આવે છે. શ્રદ્ધાને ઘાતક વલણો, વર્તનો, વિચારો, ભાવનાઓને ત્યાગવામાં આવે છે, તે છે પરિત્યાગ. અને આ બન્નેની મદદથી ચૈત્યપુરૂષ સાથે વધારેને વધારે એકરૂપતામાં રહેવાનો પ્રયત્ન કરવામાં આવે છે તે છે સમર્પણ.

જવલંત શ્રદ્ધાના જ આ ત્રણ પાસા છે જે અલગ અલગ કે અસંલગ્ન નથી. સાધકની પ્રકૃતિમાં શ્રદ્ધાએ લાવેલા ત્રણ સ્વરૂપનાં પરિણામ સ્વરૂપે કે ક્ષમતા સ્વરૂપે આ અનુભવાય છે.

આ પ્રકારે વિકાસ કરશું તો જ ચેતનાના બન્ને અલગ અલગ લાગતા બે ધ્રુવો જોડાશે અને અંતે અનુભવાશે કે તે ખરેખર એક જ અનંત-ચેતનાના બે છેડા માત્ર છે. અલગ ધ્રુવો નથી.

જે યોગી ઉપર જણાવેલાં બે ધ્રુવોનું જોડાણ કરવાનો પ્રયત્ન કર્યા વગર ફક્ત ઉર્ધ્વ-ધ્રુવમાં જ સ્થિર થઈ સંતોષ માને છે તેઓ આ જગતને યથાવત્-તરછોડીને નિવૃત થાય છે. ઉત્ક્રાંતિમાંથી બહાર નિકળી જાય છે. જેઓ કરૂણાભાવથી અન્યોને પણ ઉત્ક્રાંતિની બહાર નિકળી જવાનો માર્ગ દર્શાવવા સૂક્ષ્મ જગતોમાં રહી કાર્ય કરે છે. દા.ત. ગૌતમબુદ્ધ કે અન્ય મુક્ત-આત્માઓ. તેઓ વાસ્તવિક - પરિણામ લાવવા સક્ષમ બનતા જાય છે જાણે તેઓ સ્વેચ્છાએ ઉત્ક્રાંતિમાં પ્રવેશે છે.

આ ચેતનાના અવતરણની ઘટના બની જાય છે. આપણે મુકિતબાદ, દિવ્ય-શક્તિઓ સાથે અને દિવ્ય-ક્ષમતાઓ સાથે સંકલ્પથી ફરી અવતરણ કરવું છે. આ અવતરણની પ્રક્રિયા પ્રકૃતિનાં પૂર્ણ રૂપાંતર માટેની હોય છે. ચેતનાના ઊર્ધ્વારોહણ વખતે યોગીનું મન, પ્રાણ કે પાર્થિવ તત્વ આંશિક રૂપાંતર તો પામેલાં જ હોય છે નહિં તો તેઓ તેની યોગ સાધનામાં વિઘ્નો નિર્માણ કરત. પરંતુ તેમ છતાં પ્રકૃતિનો અવચેતન અને અચેતન ભાગ હજી રૂપાંતરિત થએલો ન હોવાથી ઉપરનાં ત્રણે તત્વો આંશિક જ રૂપાંતર પામેલા હોય છે. આ અવતરણ પ્રક્રિયા દરમિયાન અવચેતન અને અચેતનના રૂપાંતરનો પ્રશ્ન હાથ ધરવામાં આવે છે. અને તે સિદ્ધ કરવામાં આવે છે.

તેમ છતાં અવચેતન અને અચેતન એ કાંઈ વ્યક્તિ ગત હોતા નથી. પ્રકૃતિનાં અન્ય તત્વોની જેમ તે વૈશ્વિક-તત્વો છે. અને તેથી વૈશ્વિક-ચેતનાના સ્તરે આરોહણ કરીને જ તેમનું રૂપાંતર થઈ શકે છે.

બીજું, જ્યાં સુધી અન્ય લોકોમાંનું અવચેતન અને અચેતન રૂપાંતરિત થાય નહિં ત્યાં સુધી યોગીએ વ્યક્તિગત કક્ષાએ કરેલું રૂપાંતર પૂર્ણ થએલું ગણાશે નહિં. આ સમસ્યાના નિવારણ માટે સામૂહિક સાધના જરૂરી બને છે અને તે જ પ્રમાણે યોગીએ સભાનરીતે સામુહિક-સાધનાને વેગ આપવાનું કાર્ય પણ અનિવાર્ય બને છે. અન્યોમાં સમજણ દ્વારા જ અને શ્રદ્ધાને પોષણ આપવા દ્વારા જ તે આ કાર્ય કરી શકે છે.

વૈશ્વિક ચેતના સક્રિય બને છે ત્યારે તે સક્રિયતાનાં ત્રણ તબક્કા દેખાય છે. સર્જન, વિકાસ અને વિસર્જન. રૂપાંતરની પ્રક્રિયામાં નવી સમજણ સર્જન સ્વરૂપ હોય છે. તેને અભ્યાસથી દૃઢ કરવી એ વિકાસ સ્વરૂપ હોય છે અને જુની સમજણનો ત્યાગ એ વિર્સજન સ્વરૂપ હોય છે. આ પ્રક્રિયાને વેગ આપવા જ્યારે વૈશ્વિક-શક્તિઓ દબાણ લાવે છે ત્યારે તે માનવને આપત્તિ અને દુઃખરૂપ લાગે છે. પણ આવો અનુભવ આવે છે કારણ આપણે જુની રચના ત્યાગવા તૈયાર નથી તે સ્વૈચ્છિક સમજણથી ત્યાગશું તો દરેક નવી-ચેતના વધારે તીવ્ર આનંદ અને સુખને સાથે લાવતી જ હોય છે. યોગી ધીમે ધીમે સંઘર્ષમાંથી સંવાદ તરફ વિકસતો હોય છે. તેથી જેટલું રૂપાંતર ઝડપી થશે તેટલું તે ઓછું દુઃખરૂપ બનશે. રૂપાંતર અનિવાર્ય છે અને તે પણ શરીરનાં કોષોમાં રહેલ અવચેતન અને અચેતન સુધીનું સમગ્ર રૂપાંતર. તો જ અતિમનસ આવિર્ભાવ થશે. અન્યથા નહિ.

# અતિમનસ - સાધના

## અતિમનસ ચેતનામાં જન્મ

પ્રકરણ - ૨

(સુંદરમ્ કૃત ભાષાંતર અતિમાનસ - પેજ ૮-૨૪ ઉપર આધારિત)

પૂર્ણયોગનું લક્ષ્ય છે પોતાના સ્વરૂપ અને જીવન દ્વારા પ્રભુનો આર્વિભાવ કરવો. જ્યારે એ વસ્તુ સાધ્ય થાય છે, ત્યારે માનવી સ્વરૂપ દ્વારા એક વિશાળ અસીમ ચેતના જીવન દ્વારા પ્રગટ થાય છે. જે જીવનને દિવ્ય-જીવનમાં પલટાવી નાખે છે.

આ લક્ષ્ય સિદ્ધ કરવા માટે સાધકે પોતાનો જે ભાગ વધારે વિકસીત હોય, બળવાન હોય, તેની દ્વારા પોતાની પ્રકૃતિને અનુરૂપ એવા સાધનાલક્ષી પ્રયત્નો કરવામાં જ એકાગ્ર થવું જોઈએ. સાધક આ મુજબ ચિંતનથી, ભાવનાથી અથવા કર્મથી સાધનાની શરૂઆત કરી શકે છે અને તેમાં પછી પોતાની સમગ્ર પ્રકૃતિને સહભાગી થતા કરવું જોઈએ.

અતિમનસ - શક્તિ એ પરમ-ચેતનાનાં સક્રિય પાસાની શક્તિ છે. સક્રિય પાસામાં અનંત સંકલ્પો ભૌતિક-સ્વરૂપે પ્રગટ થવા બીજ સ્વરૂપે પડેલા હોય છે. તેમને 'ઋતમ્' કહેવામાં આવે છે. 'ઋતમ્'નો અર્થ છે વિશિષ્ટ સ્વરૂપ ધારણ કરવા માટે સક્ષમ બીજ સ્વરૂપ અવસ્થા. અતિમનસ-શક્તિ આવા 'ઋતમ્'ને ભૌતિક-સ્તરે પ્રગટ થવા મદદ કરતી સભાન દિવ્ય-શક્તિ છે. તે જ્ઞાન-સ્વરૂપ છે. તેથી તેને ઋત-ચેતના પણ કહે છે. આવિર્ભાવ પામેલું તત્વ કે ક્રિયા મર્યાદિત સ્વરૂપની હોવા છતાં તે પરમ - ચેતનાનું જ સ્વરૂપ કે ક્રિયા બની જતું હોય છે.

જ્યારે સાધકની ચેતના અતિમનસ ચેતનામાં જન્મ ધારણ કરે છે ત્યારે તેની ચેતના અતિમનસ - ચેતનામાં આરોહણ કરે છે અને પોતાનાં મર્યાદિત-સ્વરૂપમાં તેનું અવતરણ કરાવવા સક્ષમ પણ બને છે. આમ તે સાધક પોતાની દિવ્ય-વાસ્તવિકતાને ઓળખે છે અને તેની સાથે એકરૂપ થઈ જાય છે. આ જ યોગનું મૂળભૂત લક્ષ્ય છે.

આમ અતિમનસ યોગ નીચેની સિદ્ધિઓ માટે નથી.

૧ ભવ્ય અતિમાનવતા પ્રાપ્ત કરવા માટે.

૨ એક દિવ્ય - શક્તિ મેળવી તે દ્વારા મહત્તા મેળવવા માટે.

૩ આપણા સંકુચિત સ્વરૂપને વિશાળ કરી તેની કૃતકૃત્યતા પ્રાપ્ત કરવા માટે.

કારણ ઉપરના લક્ષ્યો રાજસિક ગર્વ, મિથ્યાભિમાન અને અહંકાર પોષવાનાં સાધનો બની જાય છે. અતિમનસ પરિવર્તનની પ્રથમ શરત છે. અહંકારમાંથી મુક્તિ અને અહંકારનું રૂપાંતર.

અર્થાત ઉપર જણાવેલાં થોડાઘણાં પરિણામો અતિમનસ સાધનાથી દેખાય છે પણ તે બધા ગૌણ-પરિણામો સ્વરૂપ છે. આ અતિમનસ-યોગનું સાચું લક્ષ્ય છે.

૧ સાધકને આધ્યાત્મિક પૂર્ણતા પ્રાપ્ત થાય.

૨ તે પોતાના સાચા સ્વરૂપને જાણે.

૩ દિવ્ય-પ્રકૃતિને પ્રાપ્ત કરે.

૪ અને આ બધુ મેળવીને અંતે પ્રભુ સાથે એકરૂપતા સાધે. જ્યારે પ્રભુ સાથે એકરૂપતા સધાય છે ત્યારે તેને પોતામાં અને સજીવ-નિર્જીવ બધામાં જ પ્રભુની ચેતના જ દેખાય છે. તેને તે બૃહત્-ચેતના તરીકે સર્વાન્તરયામી તરીકે અનુભવે છે.

પ્રભુ સાથેની એકરૂપતા એ અંતે અનુભવાતું સત્ય છે. તે માટે નીચેની વસ્તુઓ કરવાની જરૂર હોય છે.

૧ મન, પ્રાણ, શરીરની સર્વ અવસ્થાઓ અને તેમનાં કાર્યોને પ્રભુના સભાન કરણ બનાવવાનાં છે.

૨ આપણા સ્વરૂપમાં દિવ્યપ્રકાશ, શક્તિ, પવિત્રતા, જ્ઞાન, મુક્તિ, અસીમતાનું અવતરણ કરાવી તેને આધ્યાત્મિક રૂપ આપવાનું છે.

૩ અહંકારનું વિસર્જન કરી વૈશ્વિક ચેતનામાં પ્રવેશવાનું છે.

૪ આ બધું થયા પછી અતિમનસ ચેતનામાં પ્રવેશ મળે છે જે અંતે પ્રભુ સાથે પૂર્ણ એકરૂપતા સાધી આપે છે. તેના સક્રિય અને નિષ્ક્રય પાસા સાથે પણ.

આ પ્રભુ સાથેની એકરૂપતા આ રીતે ક્રમે ક્રમે વિકાસ પામે છે. સાધારણ ગતીથી આ બધા તબક્કા પસાર કરતાં હજારો વર્ષ લાગે છે. પણ સાધનાથી એક જન્મમાં પણ પસાર કરી શકાય છે.

પ્રભુ સાથેની એકરૂપતા સધાતા જીવનમાં નીચેના પરિણામો દેખાય છે.

૧ ચેતનાના સર્વોચ્ચ શિખરથી માંડી ઠેઠ આધારમાં પણ એક પ્રકારની સમતા પ્રસ્થાપિત થાય છે.

૨ સાધના દરમિયાન જીવનની હકીકતો અને વાસ્તવિકતાઓ ઉપર એક મજબૂત આધ્યાત્મિક પકડ સ્થપાય છે.

૩ જીવનમાં એક આધ્યાત્મિક હકારાત્મક દૃષ્ટિ સ્થાપિત થાય છે.

૪ બુદ્ધિના માર્ગે વધતા વધતાં પ્રજ્ઞાના પ્રકાશમાં પ્રવેશ મળે છે. તે પરાપ્રકૃતિની જ્ઞાન-શક્તિ બની જાય છે.

પણ આવી સાધના દરમિયાન નીચેની ભૂલો ન થાય તે બાબત સાવધાન રહેવાનું છે.

૧ બધા જ પ્રકાશ આત્માના જ હોતા નથી. મન, પ્રાણ, શરીર જેવાને પણ પોતાનો પ્રકાશ છે. તેથી તેમને પ્રભુનો પ્રકાશ સમજી ત્યાં જ સ્થગિત થવાની ભૂલ ન કરાય.

૨ વિશ્વ-ચેતનામાં પ્રવેશતા જ ચેતનાની વિલક્ષણ શક્તિઓ પ્રગટ થવા માંડે છે. પણ તેમાં અન્ય અશુદ્ધ અને અદિવ્ય-શક્તિઓ ભળી જવાની શક્યતા રહેલી છે. તેથી સાવધ રહેવું જરૂરી છે.

૪ આપણે અંતિમ-કક્ષાએ પહોંચી ગયા છે એવો ભ્રમ થવાની શક્યતા પણ છે. તેથી ખોટે રવાડે ચડી જવાનો ડર છે. ઘણી વખત ઊર્ધ્વમાંથી કોઈ વચગાળાની કક્ષાને જ અંતિમ કક્ષા સમજવાની ભૂલ પણ થાય છે. તેથી અંતિમ રૂપાંતર થતું નથી. વચમાં જ સ્થગિત થઈ જાય છે. તે બધા મનની જ ક્ષેત્રની કક્ષાઓ હોવાથી જ્ઞાન અને શક્તિમાં ખામીઓ રહી જ જાય છે.

---

(પાના નં.૨૯ ઉપરથી)

## વિજ્ઞાનની આગેકૂચ

વિકાસ પામ્યું દરેકનો જીન-મેપ તૈયાર કરી ક્યો રોગ થવાની શક્યતા છે તેનું કારણ ક્યું જીન છે તેની અગાઉથી માહિતિ મળશે. તે જીનની ટ્રીટમેંટ કરતા જ રોગ જડમૂળ સાથે નષ્ટ થશે. જીન-ટેકનોલોજી વિકસશે. ક્લોનિંગ ઘટના સર્વ સામાન્ય બનશે.

પણ આ જ વિજ્ઞાનનો માનવનાશક શસ્ત્રોના ઉત્પાદનમાં પણ ઉપયોગ થવાની શક્યતા નકારી શકાતી નથી.

અણુશાસ્ત્રમાં ન્યુટ્રોન્સ, પ્રોટોન્સ ઈલેકટ્રોન્સનાં પણ ઘટકો તરીકે કવાર્ક શોધાયા.

આમ અણુવિજ્ઞાનથી માંડી વિશ્વવિજ્ઞાન સુધીનાં બધા જ ક્ષેત્રોમાં વિજ્ઞાને સારી એવી આગેકૂચ કરી.

# સુંદર કથાઓ

### બાળ વિભાગ

## પ્રભુનું કાર્ય

(સુંદર કથાઓ પેજ ૫૫, ૫૬)

મહંમદ પયગંબરે આરબ જમાતોને સારા સંસ્કાર આપવામાં જ પોતાનું જીવન સમર્પી દીધું હતું. તેઓ ન એશ જોતા ન આરામ. ન ખાવાનું ન પીવાનું. રાત દિવસ ફક્ત એક જ વિચાર તેમના મનમાં ઘોળાતો રહેતો. મને અલ્લાએ જે ઉપદેશ આપ્યો છે તે આ મારી જમાતોને સમજાવું. તેમની અંધશ્રદ્ધાઓને દૂર કરું. જમાત જમાત વચ્ચે ખૂનખરાબા, દુશ્મનીનો અંત લાવી બધા ભાઈ ચારાથી રહે એમ કરું. બધાને અલ્લાના સેવક બનાવું.

તેમના જીવનનો એક નાનકડો પ્રસંગ છે.

તેઓ અલ્લાનો આદેશ લોકોને સમજાવવા પ્રવાસ કરી રહ્યાં હતાં. એક ગામમાં તેમને ઉતારો મળ્યો. લાંબા પ્રવાસથી તેઓ થાકી ગયાં હતાં. રાત્રે જમીને સુતા પહેલાં નમાજ પઢી અલ્લાએ તેમને સારો ઉતારો આપ્યો, ભોજન આપ્યું, પથારી આપી માટે આભાર માન્યો. તેમનું હૃદય ભગવાનની કરૂણા જોઈ ભરાઈ ગયું હતું. નમાઝ પઢી તેઓ પથારીમાં સૂતા.

તેમને ઉતારો આપનાર એક ગરીબ આરબ હતો, તેના ઘરમાં એક જ પથારી હતી. તે જ તેણે મહંમદ સાહેબને સુવા આપેલી. પોતે તો એક પાથરણું પાથરી સૂતો હતો.

વહેલી સવારે મહંમદ પયગંબર ઉઠ્યા ત્યારે તેમના શરીર ઉપર પથારીની ગાંઠોનાં નિશાન ઉમટી ગયાં હતાં કારણ પથારીમાં અનેક ગાંઠો હતી. મહંમદ સાહેબને રાત્રે બરાબર ઊંઘ આવી પણ નહોતી. પણ તેમણે તે પીડાની દરકાર કરી નહિં. ન્હાઈને નમાજ પઢી. ત્યાં તે જમાતનો મુખી તેમને મળવા આવ્યો. તેણે મહંમદ સાહેબના શરીર ઉપર ગાંઠોની નિશાનીઓ જોઈ.

''અરે, મહંમદ સાહેબ, આપના શરીર ઉપર આ શેના નિશાન છે?''

''મહંમદ સાહેબે હસતા હસતા જવાબ આપ્યો.''

'' રાત્રે મને અલ્લાએ કહ્યું, '' મહંમદ જગતમાં ગરીબો પથારી વગર સુએ છે. તું મારો ભક્ત છે તેથી પથારી વગરનો તો નહિં રાખું, પણ ગરીબોની

પથારી કેવી હોય તેનો તું અનુભવ કરે એવી મારી ઈચ્છા છે. અલ્લાએ મને આ ગાંઠાળી પથારી આપી. મારો અલ્લા પ્રેમાળ છે તેણે પથારી તો આપી.''

''પણ, મહંમદ સાહેબ મને કહેવરાવત તો હું તમને સુંદર નરમ રેશમી ગાદી મોકલી આપત. આપની સેવા કરવામાં મને આનંદ આવત.''

''ભાઈ, અલ્લાએ મને કામ સોંપ્યું છે. તે કામ જ મારે માટે મહત્વનું છે. શરીરને થોડી આરામની જરૂર છે. તેથી આરામ આપવો જોઈએ એટલું જ. આપણે પ્રવાસે જઈએ ત્યારે બપોરે ઘોડાને ઝાડ નીચે છાંયડે બાંધી રાખીએ, ઘોડો પોતાનો થાક ઉતારવા એક એક પગને વારાફરતી આરામ આપે. બેસવાનો વિચાર પણ ન કરે. પહોર ઢળતા ફરી પહેલાની જેમ જ ઉત્સાહથી માલિકનું કામ કરે. હું પણ મારા માલિકનો ઘોડો છું. તેના કામ માટે દોડવું એ મારું કામ છે, બસ.''

મહંમદ સાહેબનો જવાબ સાંભળી પેલો મુખી નમ્ર ભાવે નમી પડયો.

''મહંમદ સાહેબ આપ સાચા પયગંબર છો, અલ્લાનું કામ કરવા જ આપણે આવ્યાં છીએ.''

મમ્મી પોતાના પુત્ર સામે જોઈ રહી,

''બેટા, આપણે સહુ ભગવાનનું કામ કરવા જ જન્મ લીધો છે. અને તે પૂરૂ કરવાનું જ છે.''

''હા, મમ્મી, હું ભગવાનનું કામ કરીશ. જરૂર કરીશ. મમ્મી, હું ભગવાનનો ગુડબોય થવા માંગુ છું, થઈશને મમ્મી?

''હા, બેટા જરૂર થઈશ.''

''પ્રોમીસ''

''પ્રોમીસ બેટા''

---

(પાના નં.૨૦ ઉપરથી)

## ઉપનિષદોનું અમૃત

શિષ્ય ભગવાન શ્રીકૃષ્ણને આપેલો અને તેના આધારે જ ભગવાન શ્રીકૃષ્ણે. યજ્ઞની કલ્પનાને વિશાલ રીતે ગીતામાં રજૂ કરી છે.

જીવનને પર-બ્રહ્મના આવિર્ભાવનું દિવ્ય-માધ્યમ બનાવવું, નિમિત્ત બનાવવું એ જ જીવન - યજ્ઞ છે. એ જ આત્મયજ્ઞ છે. શું શ્રી અરવિંદનો દિવ્ય-જીવનનો આદર્શ આથી જુદો છે?

# રાષ્ટ્રીય કેળવણી

પ્રકરણ - ૧

## રાષ્ટ્રીય કેળવણીનો અર્થ

(રાષ્ટ્રીય કેળવણી - શ્રી અરવિંદ - પેજ ૧-૫)

આપણે રાષ્ટ્રીય - કેળવણી વિષે જાણવા માગીએ છીએ પણ તે પહેલા રાષ્ટ્ર શું છે એ સમજી લેવું જરૂરી છે. તેમજ કેળવણી એટલે શું એ પણ સમજી લેવું જરૂરી છે. તો જ સાચી રાષ્ટ્રીય કેળવણીનો ખ્યાલ આવશે. પૃથ્વી ઉપર અનેક રાષ્ટ્રો છે તો શું દરેક રાષ્ટ્રની કેળવણી જુદી જુદી હશે ? દરેક રાષ્ટ્રની કેળવણી વચ્ચે કોઈ એકતા નહિ જ હોય ? તેમનાં મૂળમાં કોઈ મૂળભૂત સમાન કે એકજ સિદ્ધાંત નહિં હોય ?

બધા જ રાષ્ટ્રોની કેળવણી વચ્ચે જો સમન્વય સાધવો હશે તો કેળવણીનું કેન્દ્ર જે માનવ - બાળક છે તેને માનવ તરીકે સમજીને જ કેળવવો પડશે. તેને ભારતીય, અંગ્રેજ, અમેરિકન, ફ્રેંચ, પાકિસ્તાની કે સીલોની તરીકે નહિં. હા, પોતાના રાષ્ટ્રની વિશેષતા તેને અંતે સમજાવવી જ પડશે. જેથી તે પોતાના રાષ્ટ્રીય પ્રવાહમાં સહજ રીતે ભળી જાય.

દરેક રાષ્ટ્રે માનવને વિશેષ રીતે ઘડયો છે, તેમાંની કોઈ ખાસ ક્ષમતાને વિકસાવી છે આમ થવાનું કારણ શું ?

અધ્યાત્મશાસ્ત્ર એમ કહે છે કે માનવદ્વારા આત્મતત્વ વિકાસ પામી રહ્યું છે તે પોતાના વિકાસ દરમિયાન પોતાની અનંત ક્ષમતાઓને વિકસાવી જીવન દ્વારા પ્રગટ કરવા માગે છે. તે ક્ષમતાઓ છે સ્મૃતિ, નિર્ણયશક્તિ, કલ્પના - શક્તિ, તર્ક-શક્તિ આંતરપ્રેરણા-શક્તિ, પ્રજ્ઞા-શક્તિ અને આત્મ-શક્તિ. અંતિમ બે શક્તિઓ ત્યારે જ પ્રગટ થવા લાગે છે જ્યારે વ્યક્તિ ચેતના વૈશ્વિક-ચેતના સાથે એકરૂપ થાય છે. વ્યક્તિ પોતાની તાદાત્મય પામવાની ક્ષમતા કેળવે છે ત્યારે વૈશ્વિક કક્ષાનાં પ્રકૃતિમાં ગુપ્ત રહેલ જ્ઞાનના પ્રવાહો તેની સમજણ-શક્તિમાં રેડાવા માંડે છે. આંતર-પ્રેરણા-શક્તિ એ તો આની એક ઝલક કે પ્રાસંગિક આવિર્ભાવ માત્ર હોય છે.

આ પ્રજ્ઞા-શક્તિ જ્યારે આપણી ચેતનામાં પૂરેપૂરી ખીલી ઊઠે છે. તેનો કાયમી સ્વભાવ બની જાય છે, ત્યારે આપણો આત્મા એક પ્રજ્ઞાશક્તિ ધરાવતો વૈશ્વિક - આત્મા બની જાય છે. વેદો તેને 'પ્રજ્ઞાનં બ્રહ્મ' કહે છે.

આ પ્રજ્ઞા-શક્તિનાં જ વિવિધ પ્રકારના આવિર્ભાવો એટલે ઉપર જણાવેલી સ્મૃતિ-શક્તિ, નિર્ણય-શક્તિ, કલ્પના-શક્તિ, તર્ક-શક્તિ અને આંતર-પ્રેરણા-

શક્તિ.

તેથી માનવ-બાળકમાં જો આપણે આ પ્રજ્ઞા-શક્તિને ખીલવી શકીએ તો બાકીની ક્ષમતાઓ તે બાળકની પ્રકૃતિને અનુરૂપ પોતાની મેળે વિકસવા લાગશે. કેળવણી દ્વારા આ પ્રજ્ઞા-શક્તિ રૂપ મૂળને પોષણ આપશો તો બાકીની ડાળીઓ પોતાની મેળે નવપલ્લવિત થશે અને રાષ્ટ્ર સાચા અર્થમાં બળવાન બનશે.

પ્રજ્ઞાશક્તિને કેળવવી એ જ કેળવણીનો કેન્દ્રીય ઉદ્દેશ છે.

પ્રજ્ઞા-શક્તિને કેળવવાના શું ક્યાંય પ્રયત્નો થએલાં છે ? હા, વિવિધ રાષ્ટ્રોમાં પુરાતન કાળમાં ગુઢ-વેત્તાઓએ પોતાની વિશિષ્ટ ગુપ્ત-સાધનાઓ દ્વારા તેના કોઈ એકાદ પાસાને વિકસાવવાનો પ્રયત્ન કરેલ છે. તેની આ ક્ષમતાને આપણે ચૈતસિક-શક્તિઓ (psychic powers) તરીકે ઓળખીએ છીએ. પણ આ તેનો ફક્ત એક આવિર્ભાવ પ્રકાર માત્ર છે. મૂળ-ભૂત પ્રજ્ઞાશક્તિને ખીલવવાની જરૂર છે.

ભારતમાં આ પ્રજ્ઞા-શક્તિને પ્રાચીન ઋષિઓએ મૂળભૂત - શક્તિ તરીકે વિકસાવી હતી. તે સાધનાના અવશેષો વેદાંતની સાધના સ્વરૂપે આપણને મળેલાં છે. તે બાદ શાક્તોએ તે શક્તિને વિકસાવવાનાં શિસ્તબદ્ધ પ્રયત્નો કર્યા છે, જે આપણને તાંત્રિક-ઉપાસના સ્વરૂપે મળેલ છે. પણ તેમાં પણ ધીમે ધીમે તે મૂળભૂત પ્રજ્ઞા-શક્તિના એકાદા ખાસ પાસા સ્વરૂપે જ વિકસાવવાની સાધના પદ્ધતિ નિશ્ચિત થઈ ગઈ હતી. આવી દસ ક્ષમતાને વિકાસવવાની દસ સાધના પદ્ધતિને જ 'દશમહાવિદ્યા' કહેવામાં આવે છે. મહાવિદ્યાનો અર્થ છે મૂળભૂત - પ્રજ્ઞાશક્તિને વિકસાવતી, મૂળભૂત શિક્ષણ પદ્ધતિઓ.

આજે આવા જ પ્રયત્નો વિવિધ સ્વરૂપે વિવિધ નામો હેઠળ થઈ રહ્યાં છે. જેને રેકી, પ્રાણિક હિલીંગ, સ્પીરીચ્યુઅલ હીલીંગ, સીલ્વામાંઈન્ડ કંટ્રોલ, પ્રાણાયામ, અષ્ટાંગ વિદ્યા (પાતંજલ યોગ = રાજયોગ) તરીકે ઓળખાય છે. આ બધા પણ અંતે તો પ્રજ્ઞાશક્તિની જ કોઈ નિમ્ન-શક્તિ અથવા એકલ-દોકલ ક્ષમતાને વિકસાવવાના પ્રયત્નો હોય છે. દા.ત. રેકી શારીરિક વિદ્યુતને વિકસાવવાનો પ્રયત્ન છે, તો પ્રાણિક હીલીંગ અને પ્રાણાયામ પ્રાણશક્તિને વિકસાવવાનો, રાજયોગ ચિત્ત-શક્તિ વિકસાવે છે, તો સીલ્વા માંઈડ કન્ટ્રોલ કલ્પના-શક્તિને. બીજું આ બધી કેળવણીઓ હજી સર્વસામાન્ય જન-સમાજની કેળવણીનો ભાગ બની નથી. મધ્યયુગની ગૂઢ-વિદ્યાઓ જેવું તેમનું સ્થાન રહ્યું છે. ત્રીજું તેનો ઉપયોગ આરોગ્ય કે દૈનિક જીવનની નાની નાની સમસ્યાઓ ઉકેલવા પુરતો જ કરવામાં આવે છે. તેના મૂળમાં આપણી મૂળભૂત - ચેતના પોતાની સમગ્ર ક્ષમતા સાથે

વિકસવા માગે છે એ ખ્યાલ જ નથી અથવા અસ્પષ્ટ અને ધાર્મિક કલ્પનાઓના ઓછાયા નીચેનો ખ્યાલ છે. આ બધી જ સાફસૂફી કરીને દરેક માનવને જન્મજાત મળેલી આ ક્ષમતાને વિકસાવીને સમગ્ર જીવનને તેના સંચાલન નીચે મૂકી જીવનનું એક નવું જ ક્લેવર આપવાની વાત છે તેને જ અગ્રતાક્રમ આપવાનો સમય પાકી ગયો છે.

શ્રી અરવિંદે આ પ્રજ્ઞા-શક્તિ મન અને બુદ્ધિની ઊર્ધ્વ-કક્ષાએ રહેલ હોવાથી તેને અતિમનસ-શક્તિ એવું નામ આપેલ છે. વેદકાળમાં આ પ્રજ્ઞા-શક્તિને પ્રતિભા, મેઘા, માયા આવા વિવિધ નામે જાણવામાં આવી છે. આ શક્તિમાં જગતમાંની દરેક વસ્તુ માત્રને આંતરિક તાદાત્મ્ય દ્વારા જાણી શકવાની ક્ષમતા હોવાથી પ્રતિભા (પ્રતિ+ભા) કહેતા પ્રતિ એટલે દરેક અને ભા એટલે જાણી લેવું. તેને મેઘા પણ કહેતા કારણ મેઘ શબ્દોના બે અર્થ છે. મેઘ એટલે મારવું, નાશ કરવો તે અજ્ઞાનનાશક શક્તિ છે તેથી મેઘા, બીજો અર્થ છે જાણવું તે દરેક વસ્તુ જાણી શકે છે માટે મેઘા. માયા શબ્દનાં પણ બે અર્થ છે. માયા એટલે ચમત્કારીક શક્તિ, ઈન્દ્રજાલ (જાદુઈ). પ્રજ્ઞાશક્તિ અદ્‌ભૂત સર્જન-શક્તિ છે. આત્માની સર્જન-શક્તિ છે અને તેની દ્વારા આત્માની અદ્‌ભૂત આંતર-શ્રી, આંતર-લક્ષ્મી પ્રગટ થઈ રહી છે. તેથી માયા. માયા એટલે પ્રેમ, તે પ્રજ્ઞાશક્તિ પ્રેમસ્વરૂપ છે. પ્રેમમાં બે વ્યક્તિ તાદાત્મ્ય પામે છે, એકરૂપ થઈ જાય છે. પ્રજ્ઞા શક્તિ આવી એકરૂપતા દ્વારા જ જ્ઞાન મેળવતી હોય છે. (Knowledge by identity) તેથી માયા.

આ અદ્‌ભૂત પ્રજ્ઞા-શક્તિને જો આપણે વિકસાવી શકીએ તો આપણી ઈન્દ્રિયોની, મગજની, શરીરની બધી જ ક્ષમતાઓનો વિકાસ થઈ શકે છે. તેથી પ્રજ્ઞા - શક્તિને વિકસાવવી એ જ શિક્ષણ અને કેળવણીનો મૂળભૂત ઉદ્દેશ છે.

આ મૂળભૂત ક્ષમતાને વિકસાવ્યા બાદ દરેક રાષ્ટ્ર પોતાની સંસ્કૃતિ અનુસાર તેના આવિર્ભાવને યોગ્ય ઘાટ આપી શકે છે. આવી રીતે જ દરેક રાષ્ટ્રની પોતાની રાષ્ટ્રીય કેળવણી હશે.

રાષ્ટ્રીય - કેળવણી એટલે પોતાના વંશ, ધર્મ કે સંસ્કૃતિનું અતિરેકી અભિમાન કેળવવાની શિક્ષણ પદ્ધતિ આ તો રાષ્ટ્રીય - કેળવણીનો વિકૃત અને રાષ્ટ્રને પોતાને જ હાનિકારક વિચાર છે. મહાયુદ્ધ પૂર્વનું જર્મની, હાલનું પાકિસ્તાન આના તાજા દાખલા છે.

તેથી પ્રજ્ઞાશક્તિનો વિકાસ કરી તેને પોતાના રાષ્ટ્રની વિશિષ્ટ ક્ષમતાઓ અનુસાર પ્રગટ કરવા કેળવવી એ જ સાચું રાષ્ટ્રીય - શિક્ષણ કે કેળવણી છે.



**શ્રી અરવિંદ**

શ્રી અરવિંદને જોઈને, બોલે વેણ જગમાત,
પ્રભુ કાર્ય સંપન્ન થશે, વહેલુંમોડું પણ ખાસ.




## ભાગવત - કૃપા

**કલા સર્જન બાળક તણો, ક્ષણે ક્ષણે નિખરે,**
**જગમાત કૃપાના વહેણ બને, તો કલા સાર્થક બને.**


# સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા.૧૦૦.૦૦ વિદેશમા : ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH